એપ્રિલ ૨૦૨૦

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫

"આ મનુષ્યોના હાથમાં એક ઘડીવાર
જીવવાનીયે સત્તા જ નથી.
કઈ સેકન્ડે મરી જશે એનું ઠેકાણું
નથી ને રૂપિયાની ચિંતા કર્યા કરે છે !"



વર્ષ : ૨૫, અંક : ૮
સળંગ અંક : ૨૯૬
**એપ્રિલ ૨૦૨૦**
પાનાં : ૨૮
**Editor : Dimple Mehta**
© 2020,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.
**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦
**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## વ્યક્તિઓ સાથે પૈસાના વ્યવહારનો ઉકેલ

### સંપાદકીય

દરેક વ્યક્તિને રોજિંદા જીવનમાં પૈસાનો વ્યવહાર આવતો જ હોય છે. પણ આ પૈસાનો વ્યવહાર કરતી વખતે પોતાની શું સમજણ હોવી જોઈએ, કોઈ આપણા લીધેલા પૈસા આપણને પાછા ન આપે તો શું કરવું અથવા તો આપણે કોઈના પૈસા લીધા હોય ત્યાં શું જાગૃતિ રાખવી, પૈસા બાબતે કોઈની જોડે અથડામણ થઈ જાય ત્યાં શું કરવું, પૈસાના દરેક વ્યવહારમાં ફાઈલોનો સમભાવે નિકાલ કઈ રીતે કરવો વગેરે બાબતોની પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)એ ઉદ્દ્બોધેલી વ્યવહારિક તેમજ આધ્યાત્મિક સમજણનું અહીં સંકલન કરવામાં આવ્યું છે.

દાદાશ્રી પોતે પણ બિઝનેસમેન હતા. એટલે પૈસાની લેવડ-દેવડ એમને પણ હતી. દાદાશ્રીનો દયાળુ, લાગણીવાળો સ્વભાવ, તે કોઈની ઉપર દાવો તો માંડે જ નહીં પણ જ્યાં ઉઘરાણી કરવા ગયા હોય ત્યાંય ઊલટા આપીને આવે. એ પોતે તો છૂટવાના કામી હતા. માટે ઉઘરાણી કરી નહીં અને પૈસા જતા કર્યા. વળી એક ભાઈને પાંચસો રૂપિયા ધીરેલા પણ સામો માણસ જ્યારે ઊલટો પૈસા આપવાના બદલે માંગવા મંડ્યો, ત્યારે તેને પણ પાંચસો રૂપિયા આપીને નિકાલ કર્યો. આવું ક્યાંય જોવા મળે ?

દાદાશ્રી કહે છે, ''આપણે ધીરેલા પૈસા કોઈ પાછા ન આપતું હોય તો આપણે 'વ્યવસ્થિત' માનીને બેસી ન રહેવાય. પૈસા પાછા લેવા માટે 'વ્યવસ્થિત' કરાવે તેટલા સહજ પ્રયત્ન તો કરવા જ જોઈએ. પછી પૈસા પાછા ના આવે તો સમજવું કે વ્યવસ્થિત. આપણે 'બન્યું તે ન્યાય' અને 'ભોગવે તેની ભૂલ' સ્વીકારી લેવું. પછી એની પાછળ જ પડી જવું કે કોર્ટમાં દાવો માંડવો એવું બધું ના કરવું જોઈએ. કારણ કે એ સામો માણસ આપણી જોડે વેર બાંધી શકે.''

હવે આપણે કોઈની પાસે પૈસા ઉધાર લીધા હોય, ત્યારે આપણે પૈસા વહેલામાં વહેલી તકે પાછા આપી દેવાના ભાવ રાખવા જોઈએ. અને જો પૈસા પાછા ન આપી શકાય એમ હોય તો પણ ભાવ તો ન જ બગડવા જોઈએ. ઓછા-વત્તા પૈસા આપીને પણ સામાનું સમાધાન થાય એ રીતે ફાઈલનો નિકાલ કરવો જોઈએ. નહીં તો સામો જો વેર બાંધે તો આપણને મોક્ષે ના જવા દે. કારણ કે કુદરતમાં પૈસાનું દેવું નથી હોતું, રાગ-દ્વેષનું દેવું હોય છે. માટે આપણે ભાવ ચોખ્ખા રાખી ફાઈલનો સમભાવે નિકાલ કરી નાખવો. સમભાવે નિકાલ કરવાથી જ મોક્ષ થાય.

રોજિંદા જીવનમાં પૈસાના વ્યવહાર સંબંધી ઊભી થતી ફાઈલોનો કઈ રીતે સમભાવે નિકાલ કરવો, જેથી વેર ન બંધાય અને મોક્ષમાર્ગે આગળ વધાય એ અર્થે નીકળેલી દાદાશ્રીની વાણીનું યથાર્થ અધ્યયન થાય તેમજ અધ્યાત્મમાં પ્રગતિ સાધવા આપણને પૈસાની ફાઈલનો સમભાવે નિકાલ કરવામાં એ વાણી ઉપયોગી નિવડે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# વ્યક્તિઓ સાથે પૈસાના વ્યવહારનો ઉકેલ

## પૈસા પાછા લેતી વખતનો વિવેક

**પ્રશ્નકર્તા :** કોઈ માણસે આપણને રૂપિયા આપવાના હોય, આપણે એને આપ્યા હોય એ એની પાસેથી પાછા લેવાના હોય અને એ ના આપે, તો એ વખતે આપણે પાછા લેવા માટે પ્રયત્ન કરવો કે પછી 'આપણું દેવું ચૂકતે થયું' એમ સમજીને સંતોષ માનીને બેસી રહેવું ?

**દાદાશ્રી :** એમ નહીં, માણસ સારા હોય તો પ્રયત્ન કરવો ને નબળો માણસ હોય તો પ્રયત્ન છોડી દેવો.

**પ્રશ્નકર્તા :** પ્રયત્ન કરવો અથવા તો એમ કે ભઈ, આપણને આપવાના હશે તો ઘેર બેઠા આપી જશે અને જો ના આવે તો સમજી લેવાનું કે 'આપણું દેવું ચૂકતે થયું' એમ માની લેવાનું ?

**દાદાશ્રી :** ના, ના, એટલું બધું ના માનવું. આપણે સ્વાભાવિક રીતે પ્રયત્ન કરવો જોઈએ. આપણે એને કહેવું જોઈએ કે 'અમને જરા પૈસાની ભીડ છે, જો આપની પાસે છૂટ થઈ હોય તો અમને મોકલી આપજો.' એવી રીતે વિનયથી, વિવેકથી કહેવું જોઈએ અને ના આવે તો પછી આપણે જાણવું કે આપણો કોઈ હિસાબ હશે તો ચૂકતે થઈ ગયો. પણ આપણે પ્રયત્ન જ ના કરીએ તો એ આપણને મૂરખ માને અને એ ઊંધે રસ્તે ચઢે.

**પ્રશ્નકર્તા :** એટલે એના માટે સામાન્ય પ્રયત્ન કરી જોવાનો ?

**દાદાશ્રી :** સામાન્ય એટલે એને કહેવાનું કે 'ભાઈ, અમારે પૈસાની જરા ભીડ છે. આપની પાસે હોય તો જરા જલદી મોકલી આપો તો સારું.' લેનારાનો જેટલો વિવેક હોય ને, એવો વિવેક આપણે રાખવો જોઈએ. આપણી પાસે પૈસા લેવા હોય ને, એ જેટલો વિવેક રાખે એટલો જ વિવેક આપણે એની પાસેથી પૈસા પાછા લેતી વખતે રાખવો.

## કરવા સહજ પ્રયત્ન

આ 'વ્યવસ્થિત'ની બહાર કશું થાય એવું નથી. છતાં આપણે 'વ્યવસ્થિત'નો અર્થ એવો ના કરવો જોઈએ કે આપણે સૂઈ રહો, બધું થઈ જશે. જો 'વ્યવસ્થિત' કહેવું હોય તો આપણો પ્રયત્ન હોવો જોઈએ. છતાં પ્રયત્નો તે તો 'વ્યવસ્થિત' કરાવે એટલા જ કરવાના હોય. પણ આપણી ઈચ્છા શું હોવી જોઈએ ? પ્રયત્ન કરવાની. પછી 'વ્યવસ્થિત' જેટલા કરાવે એટલા પ્રયત્ન. પ્રયત્નમાં પછી, દસ વાગ્યાથી ઉઘરાણી માટે હેંડવા માંડ્યા. પેલો ભઈ ભેગો ના થયો, તો પછી બાર વાગ્યે ગયા, તોય ભેગો ના થયો, તો પછી ઘેર આવીને ફરી પાછા દોઢ વાગ્યે જઈએ એવું નહીં કરવાનું. પ્રયત્ન એટલે એક ફેરો જઈ આવવાનું, ફરી પાછો વિચાર નહીં કરવાનો. આ તો પ્રયત્ન કરે તો કેટલા ધક્કા ખા ખા કર્યા કરે ! પ્રયત્ન તો સહજ પ્રયત્ન હોવા જોઈએ. સહજ પ્રયત્ન કોનું નામ કહેવાય કે આપણે જેને ખોળતા હોય તે સામો મળે. આમ એને ઘેર જઈએ તો જડે નહીં, પણ આપણે પાછાં હેંડતી વખતે ભેગો થઈ જાય. અમને બધું સહજ પ્રયત્ને થાય. સહેજાસહેજ હિસાબ બધો ગોઠવાયેલો. કારણ કે અમારે ડખો નહીં ને કોઈ જાતનો !

## પરિણામ ના બદલાવા જોઈએ

ખરી રીતે તો એવું છે કે તમારું વિચારેલું નકામું જાય નહીં, તમારું બોલેલું નકામું જાય નહીં, તમારું વર્તન નકામું જાય નહીં. અત્યારે તો લોકોનું બધું કેવું જાય છે ? કશું ઊગતું નથી.

વાણીય ઊગતી નથી, વિચારોય ઊગતા નથી ને વર્તનેય ઊગતું નથી. ત્રણ-ત્રણ વખત ધક્કા ખાય તોય ઉઘરાણીવાળો મળે નહીં. તે વખતે મળે તો પેલો દાંતિયા કરે ! આમ તો કેવું છે કે ઘેર બેઠાં નાણું આપવા આવે એવો આ માર્ગ છે. પાંચ-સાત વખત ઉઘરાણી કરી હોય ને છેવટે એ કહે કે મહિના પછી આવજો, તે ઘડીએ તમારા પરિણામ ના બદલાય તો ઘેર બેઠાં નાણું આવે. તમારા પરિણામ બદલાઈ જાય છે ને ? 'આ તો અક્કલ વગરનો છે, નાલાયક માણસ છે, આ ધક્કો માથે પડ્યો' એવા પરિણામ બદલાયેલા હોય તો ફરી વાર તમે જાવ તો પેલો ગાળો દે. તમારા પરિણામ બદલાઈ જાય છે, તેથી સામો બગડતો ના હોય તોય બગડે.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એવો થયો કે આપણે જ સામાને બગાડીએ છીએ?

**દાદાશ્રી :** આપણું બધું આપણે જ બગાડ્યું છે. આપણને જેટલી અડચણો છે, એ બધી આપણે જ બગાડી છે. એનો સુધારવાનો રસ્તો શો ? સામો ગમે તેટલું દુઃખ દેતો હોય, પણ તેને માટે જરા પણ અવળો વિચાર ના આવે, એ એને સુધારવાનો રસ્તો. આમાં આપણુંય સુધરે ને એનુંય સુધરે. જગતના લોકોને અવળા વિચાર આવ્યા વગર રહે નહીં. એટલે આપણે તો સમભાવે નિકાલ કરવાનું કહ્યું, એટલે એ કરે. સમભાવે નિકાલ એટલે શું કે એને માટે કંઈ વિચાર જ કરવાનો નહીં.

## દરિયામાં નાખ્યા હોય એ રીતે આપવા

એવું છે ને, કે આપણે કો'કના રૂપિયા લીધા હોય - દીધા હોય, લેવા-દેવાનું તો જગતમાં કરવું જ પડે ને! એટલે અમુક માણસને કંઈક રૂપિયા આપ્યા હોય તો તે પાછા ના આવે તો એના માટે મનમાં કકળાટ થયા કરે કે 'એ ક્યારે આપશે, ક્યારે આપશે!' તો આનો ક્યારે પાર આવે ?

અમારેય એવું બનેલું ને ! પૈસા પાછા ના આવે એની ફિકર તો અમે પહેલેથી નહોતા કરતા. પણ સાધારણ ટકોર મારીએ, એને કહી જોઈએ ખરાં.

કોઈને રૂપિયા આપ્યા હોય, બે ટકાના વ્યાજે કે દોઢ ટકાના વ્યાજે કે પછી ત્રણ ટકાના વ્યાજે, પણ ફરી કોઈ દહાડો દેખાવાના નથી એવી રીતે આપવા. એટલે જ્યારે પછી પાછા આવે ત્યારે નફો જાણવો ! એક તો રૂપિયા આપવા જ નહીં, ને અપાઈ ગયા પછી એની ચિંતા-ઉપાધિ કરવાની ના હોય. કારણ કે તમારા હાથમાં સત્તા જ નથી. આ મનુષ્યોના હાથમાં એક ઘડીવાર જીવવાનીયે સત્તા જ નથી. કઈ સેકન્ડે મરી જશે એનું ઠેકાણું નથી ને રૂપિયાની ચિંતા કર્યા કરે છે ! અલ્યા, રૂપિયાની ચિંતા થતી હશે ?

આપણને એક દહાડો વિચાર આવે કે 'આ પૈસા નહીં આપે તો શું થશે ?' તે આપણું મન પછી નબળું પડતું જાય. એટલે આપણે આપ્યા પછી નક્કી કરવું કે દરિયાની અંદર કાળી ચીંથરી બાંધીને મૂકીએ છીએ, પછી આશા રખાય ? તો આપતા પહેલાં જ આશા રાખ્યા વગર જ આપો, નહીં તો આપવા નહીં.

## વ્યાજ-વટાવનો ધંધો હોય તો...

બીજું, માણસે વ્યાજ નહીં લેવું જોઈએ. વ્યાજ ખાનારો માણસ ક્રુઅલ (દુષ્ટ) થતો જાય. સ્ત્રીને, બેનને રૂપિયા વ્યાજે આપ્યા હોય તોય ક્રુઅલ્ટી (દુષ્ટતા) કરે. પણ અત્યારે એવું નથી, માટે બેન્કો લે તે પ્રમાણે લેવું. કોઈને ધીરવા નહીં ખાસ કરીને. એનાથી ના આપી શકાય ત્યારે દુઃખેય થાય એટલું, ભયંકર દુઃખ થાય.

કોઈ માણસને અંગત ના ધીરવું જોઈએ. નહીં તો માણસનું મન પછી ખાટકી થઈ જાય.

એટલે અમે તો અમારા ભાગીદારને પહેલેથી કહેલું કે 'આપણે વ્યાજ આપીને લાવો અને આપણે વ્યાજ ના લેવું.'

**પ્રશ્નકર્તા :** આપણે કોઈને ધંધા માટે હજાર-બે હજાર ડૉલર આપ્યા પછી એ લોકોને એટલું કહ્યું હોય કે 'હું વ્યાજ લઈશ.' બેન્કમાં જેટલું થાય છે તેટલું લેવાનું, તો ચાલે ?

**દાદાશ્રી :** વ્યાજ લેવામાં વાંધો નહીં. આ તો વ્યાજ લેવાનો વ્યાપાર કર્યો હોય, ધંધો જ વ્યાજ-વટાવનો. તમારે શું કરવું જોઈએ ? જેને ધીર્યા એને કહેવું જોઈએ કે 'બેન્કમાં જે વ્યાજ છે તે તારે મને આપવું પડશે.' તેમ છતાં એક માણસની પાસે વ્યાજેય નથી, મૂડીયે નથી તો એની પાસે મૌન રહેવું. એને દુઃખ થાય એવું નહીં વર્તવું. એટલે આપણા પૈસા ગયા એમ માનીને ચલાવી લેવું.

**પ્રશ્નકર્તા :** પછી પાછું આપ્તવાણીમાં કહ્યું છે કે આપતી વખતે એમ કહેવાનું કે 'ક્યારે પાછા આપવાનો છે ? વરસે-દોઢ વરસે આપી જજે, પણ અંદરખાને એમ માનવાનું કે ગયા ખાતે જ છે.'

**દાદાશ્રી :** ગયા એવું માનીને જ તમે ચાલો. દરિયામાં પડી ગયું હોય ત્યારે શું ખોળીએ છીએ કોઈની પાસે ? ના ખોળીએ ને ?

હવે આ હીરાની વીંટી પહેરીને ફરતા હોય ને કોઈ ગુંડો આવીને કહે કે 'એય, આપી દો !' તો બધું આપી દેવું પડે કે ના આપી દેવું પડે ? ત્યાં ક્લેઈમ (દાવો) છે કોઈ જાતનો ? નાણાંનો સ્વભાવ કેવો ? જતો રહેવાનો. ટાઈમે જતું રહે. માટે મનમાં આ ભાવ તોડી નાખો ને નક્કી કરો કે બળ્યો, આ વ્યાજનો ધંધો જ નથી કરવો.

## આમ ચૂકવાય હિસાબ

**પ્રશ્નકર્તા :** એક માણસને આપણે પાંચસો રૂપિયા આપ્યા ને પેલો રૂપિયા પાછા આપી ન શક્યો અને બીજું, આપણે પાંચસો રૂપિયાનું દાન કર્યું, તો આ બેમાં શું તફાવત ?

**દાદાશ્રી :** આ દાન કર્યું એ જુદી વસ્તુ છે. એમાં દાન લે છે એ દેવાદાર બનતો નથી. તમારા દાનનો બદલો તમને બીજી રીતે મળે છે. દાન લેનાર માણસ એ બદલો નથી આપતો. જ્યારે પેલામાં તો તમે જેની પાસે રૂપિયા માગો છો, તેની મારફતે જ તમને અપાવવું પડે છે. પછી છેવટે દહેજ રૂપે પણ એ રૂપિયા આપશે. આપણામાં નથી કહેતા કે 'છોકરો છે ગરીબ કુટુંબનો પણ કુટુંબ ખાનદાન છે ! એટલે પચાસ હજાર એને દહેજ આપો !' આ શેનું દહેજ આપે છે ? આ તો જે માંગતું છે એ જ આપે છે. એટલે આવો હિસાબ છે બધો. એક તો છોડી આપે છે ને રૂપિયા પણ આપે છે. એટલે આમ બધો હિસાબ ચૂકવાઈ જાય છે.

## કુદરતનો કાયદો

તમારી પાસેથી કોઈ રૂપિયા લઈ ગયું, પછી ત્રણ કે ચાર વર્ષ થઈ જાય, તો આપણી રકમ વખતે કોર્ટના કાયદાની બહાર જતી રહે, પણ નેચર(કુદરત)નો કાયદો આ લોકો તોડી શકે નહીં ને ! નેચરના કાયદામાં રકમ વ્યાજ સાથે પાછી આવે છે. અહીંના કાયદામાં કશું ના મળે, આ તો સામાજિક કાયદો છે. પણ પેલા નેચરના કાયદામાં તો વ્યાજ સાથે મળે છે. એટલે કોઈ જગ્યાએ કોઈ આપણા રૂપિયા ત્રણસો ના આપતું હોય તો આપણે એની પાસે લેવા જોઈએ, પાછા લેવા માટે કારણ શું છે કે આ ભાઈ રકમ જ નથી આપતો તો કુદરતનું વ્યાજ તો કેટલું બધું હોય ! સો-બસો વર્ષમાં તો કેટલી રકમ થઈ જાય ! એટલે આપણે એની પાસે ઉઘરાણી કરીને પાછા લેવા જોઈએ. એટલે બિચારો એટલો બધો જોખમમાં તો

ના ઉતરે. પણ પેલો આપે જ નહીં ને જોખમમાં ઉતરે, તેના આપણે પછી જોખમદાર નથી.

**પ્રશ્નકર્તા :** કુદરતના વ્યાજનો દર શું છે?

**દાદાશ્રી :** નેચરલ ઈન્ટરેસ્ટ ઈઝ વન પર્સન્ટ પર યર (કુદરતના વ્યાજનો દર બાર મહિને એક ટકો છે). એટલે સો રૂપિયે એક રૂપિયો ! વખતે તે ત્રણસો રૂપિયા ના આપે તો કશો વાંધો નહીં. આપણે એને કહીએ કે હું ને તું બે દોસ્ત, આપણે પત્તા સાથે રમીએ. કારણ કે છેવટે આપણી રકમ કશી જવાની તો નથી ને !

## જગત છે ન્યાયસ્વરૂપ

કેટલાંક લોક કહે છે કે 'અમે કો'કને પૈસા ધીર્યા છે તે બધા ઘલાઈ જશે.' ના, આ જગત બિલકુલેય એવું નથી. કેટલાંક કહેશે, 'પૈસા આપે તો ઘલાય જ નહીં,' એવુંય જગત નથી. જગત પોતે પોતાના હિસાબથી જ છે. તમારું ચોખ્ખું હોય તો કોઈ તમારું નામ ના દે એવું જગત છે.

આપણું ઘડિયાળ હોય ત્રણ હજારનું અને મુંબઈના ફોર્ટ એરિયામાં પડી ગયું હોય. ફોર્ટ એરિયા એટલે તો મહાસાગર કહેવાય, તે મહાસાગરમાં પડેલું કંઈ ફરી જડે નહીં. આપણે આશાય રાખીએ નહીં. પણ ત્રણ દહાડા પછી છાપામાં જાહેરખબર આવે કે જેનું ઘડિયાળ હોય, તે એનો પુરાવો આપીને અને જાહેરખબરનો ખર્ચ આપીને લઈ જાવ. એટલે આવું આ જગત છે, બિલકુલ ન્યાયસ્વરૂપ ! તમને રૂપિયા ના આપે તેય ન્યાય છે, પાછા આપે તેય ન્યાય છે. આ બધો હિસાબ મેં બહુ વર્ષો પહેલાં કાઢી રાખેલો. એટલે રૂપિયા ના આપે, એમાં એનો કોઈનો દોષ નથી. એવી રીતે પાછા આપવા આવે છે, એમાં એનો ઉપકાર શો ? આ જગતનું સંચાલન તો જુદી રીતે છે!

માટે ન્યાય જોવા જશો નહીં. ન્યાય જોવા જશો તો કોર્ટમાં જવું પડશે, વકીલો કરવા પડશે. બન્યું એ 'કરેક્ટ' (સાચું) માનીને હવે ફરી વકીલ કરવા નહીં.

આ તો આપણા ન્યાયથી છે. આ સાચું ને ખોટું નેચરલ ન્યાયથી હોવું જોઈએ. નેચરલ ન્યાય શું કહે છે કે 'જે બન્યું એ કરેક્ટ, જે બન્યું એ જ ન્યાય.' જો તમારે મોક્ષે જવું હોય તો બન્યું એ ન્યાય સમજો અને તમારે ભટકવું હોય તો કોર્ટના ન્યાયથી નિવેડો લાવો. કુદરત શું કહે છે ? બન્યું એ ન્યાય છે એમ તમે સમજો તો તમે નિર્વિકલ્પી થતા જશો અને કોર્ટના ન્યાયથી જો એ કરશો તો વિકલ્પી થતા જશો.

## બન્યું તે ન્યાય સ્વીકારો

જે બન્યું એ ન્યાય છે, બીજો ન્યાય ખોળશો નહીં. જગતનો સ્વભાવ શું ? ન્યાય ખોળે. મેં એને સો રૂપિયા આપ્યા હતા અને ખરે ટાઈમે મેં પાંચ રૂપિયા માગ્યા તોય આપતો નથી. અલ્યા, નથી આપતો એ જ ન્યાય છે. એને અન્યાય શી રીતે કહેવાય આપણાથી?

બુદ્ધિ તો માર-તોફાન કરી નાખે. બુદ્ધિ જ બધું બગાડે છે ને ! એ બુદ્ધિ એટલે શું ? ન્યાય ખોળે, એનું નામ બુદ્ધિ. કહેશે, 'શા બદલ પૈસા ના આપે ? માલ લઈ ગયા છે ને ?' આ 'શા બદલ' પૂછ્યું એ બુદ્ધિ. અન્યાય કર્યો એ જ ન્યાય. આપણે ઉઘરાણી કર્યા કરવી. કહેવું, 'અમારે પૈસાની બહુ જરૂર છે ને અમારે અડચણ છે', પછી પાછા આવી જવું. 'પણ શા બદલ ના આપે એ ?' કહ્યું એટલે એ પછી વકીલ ખોળવા જવું પડે. સત્સંગ ચૂકી જઈને ત્યાં બેસે પછી!

'જે બન્યું એ વ્યવસ્થિત' કહીએ, 'જે બન્યું એ ન્યાય' કહીએ એટલે બુદ્ધિ જતી રહે. છતાંય

વ્યવહારમાં આપણે પૈસાની ઉઘરાણીએ જવું પડે. તો એ શ્રદ્ધાને લીધે આપણું મગજ પછી બગડે નહીં. એના પર ચીડિયાં ના ખાય અને આપણને અકળામણેય થાય નહીં. જાણે નાટક કરતા હોય ને, એમ ત્યાં બેસીએ. કહીએ કે 'હું તો ચાર વખત આવ્યો, પણ ભેગા થયા નહીં. આ વખતે કંઈ તમારી પુણ્યૈ હો કે મારી પુણ્યૈ હો, પણ આપણે ભેગા થયા.' એમ કરીને ગમ્મત કરતાં કરતાં ઉઘરાણી કરીએ. અને 'તમે લહેરમાં છો ને, મારે તો અત્યારે મહામુશ્કેલીમાં સપડાયો છું.' ત્યારે કહે, 'તમને શું મુશ્કેલી છે ?' ત્યારે કહીએ, 'મારી મુશ્કેલીઓ તો હું જ જાણું. ના હોય તો કોઈની પાસેથી મને અપાવડાવો.' આમ તેમ વાત કરીને કામ કાઢવું. લોકો અહંકારી છે, તો આપણું કામ નીકળે ! અહંકારી ના હોત તો કશું ચાલે જ નહીં. અહંકારીને એનો અહંકાર જરા ટોપ પર ચઢાવીએ ને, તો બધું કરી આપે. પાંચ-દસ હજાર અપાવડાવો કહીએ ત્યારે એ કહે, 'હા, અપાવડાવું છું.' એટલે ઝઘડો ના થવો જોઈએ, રાગ-દ્વેષ ના થવા જોઈએ. સો ધક્કા ખાય ને ના આપે તો કંઈ નહીં, બન્યું તે જ ન્યાય કહી દેવું. નિરંતર ન્યાય જ !

## વકીલનું ભૂત ના ઘાલવું

ઉઘરાણીમાં જો કોઈ માણસ ના આપતો હોય, એની પાસે ના હોય ને ના આપતો હોય તો પછી ઠેઠ સુધી એની પાછળ હેંડ હેંડ ના કર્યા કરવું. એ વેર બાંધે ને ભૂતમાં જાય તો આપણને હેરાન કરી નાખે ! નથી તેથી નથી આપતો, એમાં એનો શું ગુનો બિચારાનો ? હોય ને નથી આપતા લોકો ?

**પ્રશ્નકર્તા :** હોય ને ના આપતા હોય તો શું કરવું ?

**દાદાશ્રી :** હોય ને ના આપે, તેનેય શું કરીએ આપણે તે ? દાવો માંડીએ બહુ ત્યારે, બીજું શું ? એને મારીએ તો પોલીસવાળા આપણને પકડી જાય ને ? નહીં તો છોડી દઈએ કે 'ભઈ, આપણું હશે તો આવશે, નહીં આવે તો ગયું.' તો આ વકીલનું ભૂત તો ના ઘાલવું પડે ને !

**પ્રશ્નકર્તા :** પણ છોડાતું નથી આપણે. સામો માણસ એવી રીતે ફરતો જાય કે આપણને છોડી દેવાનું મન ના થાય.

**દાદાશ્રી :** મન ના થાય તો વકીલનું ભૂત ઘાલે પાછું. અને વકીલ કહેશે, 'હંઅ, સાડા નવે કહ્યું હતું તે પાછા પંદર મિનિટ મોડા થયા ? અક્કલ વગરના છો !' મેરચક્કર, ફી આપણે આપવાની ને ગાળો ભાંડે ઉપરથી !

એટલે આપણે ગભરાવું નહીં. અને તે ઘડીએ આપણે વકીલને શું કહેવું જોઈએ કે 'સાહેબ, તમારે ને મારે કંડિશન (શરત) ફીની છે. હું તમને ફી આપું ને તમે દાવો લડો. બીજી કોઈ ગાળની કંડિશન નથી. આ એક્સ્ટ્રા આઈટમ (વધારાની વસ્તુ) કરો છો તેનો દાવો માંડીશ.'

**પ્રશ્નકર્તા :** ના જવું એ જ વધારે સારું !

**દાદાશ્રી :** કોર્ટમાં ના જવું ઉત્તમ. જે ડાહ્યો માણસ હોય, તે કોર્ટમાં ના જાય. મારું હશે તો આવશે, નહીં આવે તો ગયું. પણ આવા ભૂતાંને પાછાં ના બોલાવે. વગર કામના ભૂતાં પજવ પજવ કરે ! હજુ (કોર્ટમાં કેસ) જીતવાનું તો જીતાશે ત્યારે, પણ તે પહેલાં તો 'અક્કલ વગરના છો' કહે. આ અક્કલના કોથળા ! અને આવું બોલાય ? આપણે ત્યાં પેલા વકીલ છે ને, તે કહે છે, 'અમેય એવું બોલીએ છીએ.' અલ્યા, કઈ જાતના છો તે ? આ તો સારું છે, કે બિચારા માણસો સુંવાળા તો સાંભળી લે છે, નહીં તો જોડો મારે તમને, તો શું કરો ?

અમારા ભાગીદાર એક વકીલને ત્યાં ગયા હતા. તે એમનો કેસ જલદી ચલાવ્યો નહીં, પણ પૈસા આપી આવેલા. ત્યારે કહે, 'સાહેબ, પૈસા મને પાછા ન આપશો, પણ મારો કેસ પાછો આપો.' ત્યારે પેલાએ શું કહ્યું ? 'કૂતરું કૈડાવીશ, જો ફરી આવ્યા છો તો ?' શું થાય તે? તે પછી મહાપરાણે કેસ લઈ આવ્યા પાછા. એની પાસેથી પૈસા ના લીધા. મહાપરાણે સમજાવી-પટાવીને કેસ લઈ આવ્યા. પાછા બીજા વકીલને કેસ આપ્યો. એ મોટા પ્રખર માણસ હતા. ત્યાં આગળ કેસ આપી આવ્યા. ત્યાં આગળ નવને બદલે સવા નવ થયા ત્યારે વકીલ કહે છે, 'તમે કૂતરા જેવા છો, ગધેડા જેવા છો, મારો ટાઈમ બગાડ્યો.' ત્યારે આ ભાઈ કહે છે, 'તમે મોટા માણસ થઈને આવું બોલો છો, તો બીજા લોકો શું બોલશે ? આવી શર્ત છે ?' વકીલ કહે, 'તમે મને જગાડ્યો, તમે મને જગાડ્યો, ના બોલાય મારાથી. પણ આ તો બોલી જવાય છે મારાથી.'. અમારા ભાગીદારે એવું કહ્યું, 'શું બોલો છો આ તમે? સારા માણસના આવા લક્ષણ હોય ? સારો માણસ તો કેવી ડહાપણવાળી વાણી બોલે !'

## ભૂલ કોની ?

એક વણિકને ત્યાં બ્રાહ્મણ ચારસો રૂપિયા માગતો હતો. તે જપ્તી કરવા ગયો એટલે વણિક તો ચિડાયો. 'સાલા નાલાયક' એમ બોલતો જાય અને પછી પાછો કહે, 'મારા જેવો કોઈ નાલાયક જ નથી ને !' અલ્યા, તું પોતાને ગાળો દે છે? પાછો પેલાને એટલી બધી ગાળો દીધી અને બોલે પાછો શું ? 'મારા જેવો નાલાયક નથી.' રૂપિયા ના આપ્યા ત્યારે આ દશા થઈ ને ! અલ્યા, આ કઈ જાતના છો ? આ તો જાત જાતની ખોપરી છે ! હવે એ પેલાને નાલાયક કહે, પછી પોતાનું આવું બોલે, એટલે પછી આપણને હસવું જ આવે ને !

માટે આ જગતને તો કેમ પહોંચી વળાય? એટલે આપણે તો શું કહ્યું કે 'ભોગવે તેની ભૂલ.' આપણી ભૂલ છે એવું ક્યારે માલમ પડશે કે જ્યારે આપણને ભોગવવાનું થશે ત્યારે. એ સહેલો રસ્તો છે ને ?

એક ભાઈએ તમને અઢીસો રૂપિયા આપ્યા નહીં ને તમારા અઢીસો રૂપિયા ગયા, તેમાં ભૂલ કોની ? તમારી જ ને ! 'ભોગવે તેની ભૂલ.' આ જ્ઞાનથી ધર્મ થશે, એટલે સામા પર આરોપ કરવાનો, કષાય કરવાનું બધું છૂટી જશે. એટલે આ 'ભોગવે તેની ભૂલ' એ તો મોક્ષે લઈ જાય એવું છે ! આ તો એક્ઝેક્ટ નીકળેલું ને કે 'ભોગવે તેની ભૂલ.'

## સામાને દુઃખ ન થાય એટલા માટે

હું તો કોઈની ઉપર દાવો માંડું નહીં. કારણ કે એક ફેરો મને અડચણ પડેલી તે મને હજુ યાદ છે. તે બહાર અમે સારી પાર્ટી ગણાઈએ. તે એક ફેરો પાંચ હજાર કો'ક લખાવવા આવ્યા ને, તે મારા મનમાં એમ કે 'આ અત્યારે ભીડમાં કંઈથી આવ્યો ? અત્યારે તો વ્યાજે લાવ લાવ કરીએ છીએ ને પાછા પાંચ હજાર આના લાવવાના તે ? તે મનમાં દુઃખ થયું, પણ આપવા પડ્યા. એટલે મને ત્યાંથી સમજાઈ ગયું કે કોઈની પાસે આ રીતે ઉઘરાણું કરવું નહીં, માગવું નહીં. કારણ કે આ તો મોક્ષમાર્ગ છે. આમ માગીએ તો સામાને દુઃખ થાય. ત્યારે દુઃખ થાય તો એ મોક્ષમાર્ગ ન્હોય. અને તારી રાજીખુશી હોય તો આપી જા.

મને મનમાં એમ થાય, વખતે એની પાસે નહીં હોય ને માગું તો પાછું દુઃખ થશે, એના કરતા રહેવા દો ને હમણે. અને માગતાયે નથી આવડતું મને તો. આ દુનિયામાં પોતાના પૈસા માગતા ના આવડે એવો તો હું. મારા પૈસા માગતા, પાછા લેતા ના આવડે તે હું. હાથ તો ધરવો જ પડે ને ? તે આ હાથ ક્યારેય ધર્યો નથી ભાઈ !

## લેવાના હોય ત્યાં જ આપી આવે

દયાળુ, લાગણીવાળો સ્વભાવ મારો. ઉઘરાણી કરવા ગયો હોઉં તો આપીને આવું ! આમ ઉઘરાણી કરવા તો જાઉં જ નહીં કોઈ દહાડો. પણ જો ઉઘરાણી કરવા જાઉં તો તે દહાડે એમને કંઈ ભીડ પડી હોય તો ઊલટો આપીને આવું. મારે ગજવામાં કાલે વાપરવાના હોય તેય આપીને આવું ! તે કાલે વાપરવામાં હું મૂંઝાઉં ! એવી રીતે મારું જીવન ગયું છે.

મારી પાસે તો પૈસા આવે તો બીજા દહાડે રહે નહીં. એક લાખ હોય તો બે-ત્રણ દહાડા પછી દસેક હજાર પડ્યા હોય ! એટલે ભાગીદાર સમજી ગયેલા કે આમની જોડે પૈસા હાથમાં રહેતા નથી. પૈસાનો વહીવટ બધો અમે અમારા ભાગીદારને સોંપી દીધેલો.

## છૂટ્યા ઉઘરાણી ન કરીને

લોકોએ જાણ્યું કે મારી પાસે પૈસા આવ્યા છે, એટલે મારી પાસે લોકો પૈસા માગવા આવ્યા. તે પછી ૧૯૪૨ થી ૧૯૪૪ સુધી મેં બધાને આપ આપ જ કર્યું. પછી ૧૯૪૫માં મેં નક્કી કર્યું કે હવે આપણે તો આ મોક્ષ તરફ જવું છે. આ લોકોની જોડે આપણને હવે મેળ ક્યાં સુધી પડશે? માટે આપણે એવું નક્કી કરો કે આ પૈસાની ઉઘરાણી કરીએ તો ફરી પાછા રૂપિયા લેવા આવશે ને તો ફરી વ્યવહાર ચાલુ રહેશે. ઉઘરાણી કરીએ તો પાંચ હજાર આપીને દસ હજાર લેવા આવે. એના કરતાં આ પાંચ હજાર એની પાસે રહે તો એના મનમાં એમ થાય કે 'હવે ભેગા ના થાય તો સારું.' અને રસ્તામાં મને દેખે ને, તો પેલી બાજુથી જતો રહે. તે હું પણ સમજી જઉં. એટલે હું છૂટ્યો. મારે આ બધાને છોડવા હતા ને એ બધાએ છોડ્યો મને !

હવે એ ટોળામાં શા માટે પેઠો હતો ? માન ખાવા માટે. માન ખાવાનો મહીં મોહ રહેલો એથી માન ખાવા મહીં પેઠેલો. પણ હવે નીકળવું શી રીતે ? પણ મને આ રસ્તો જડી ગયો. જ્યારે જ્યારે મારા મનમાં નક્કી થાય કે હવે શી રીતે નીકળવું ? તે ઘડીએ મને સૂઝ પડી જાય. એટલે મેં નક્કી કર્યું કે આ પૈસા માંગવા નથી, કોઈ રસ્તો આવી જશે. એવો સરસ અંત આવી ગયો કે કોઈ આવતું જ બંધ થઈ ગયું. એમાંથી બે-ચાર જણ આવીને આપી ગયા હશે. પછી મેં એમને મોઢે જ કહી દીધેલું કે 'ભઈ, હવે તો મેં વ્યવહાર આ હીરાબાને સોંપી દીધો છે. મેં મારા હાથમાં કશું રાખ્યું નથી. ઘરમાં મારું ચલણ પણ નથી.' એટલે ફરી ભાંજગડ જ મટી ગઈ ને !

અને એ લોકોએ શું જાણ્યું કે 'આ તો ઉઘરાણી નથી કરતા, હેંડો ને ફાવ્યા આપણે !' એટલે પછી એ લોકોએ મોઢું દેખાડવાનું જ બંધ કરી દીધું. અને મારે એ જોઈતું હતું ને ! એટલે 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.' એટલે આ કળા જડી તે ઘડીએ !

## દયાળુ માણસ ધોલ પોલી મારે

અમારા ભાગીદાર મને ઠપકો આપતા'તા બેતાલીસની સાલમાં, તે મુંબઈ ધંધો કરવા એમની જોડે આવ્યો ત્યારે. આમ આવ્યો છેતાલીસમાં પણ બેતાલીસમાં મને એમ ઠપકો આપતા'તા, કે 'આ તમારા ઢીલાપણાને લીધે લોકો પૈસા દબાવી ગયા તમારા.' મારો સ્વભાવ જુદી જાતનો. એટલે મને કહે, 'તમારાથી આ બધા બહારવટિયા થાય છે ઊલટા, આ અવળા ચાલે છે બધા. તમારા નરમ સ્વભાવથી આ બહારવટિયા થાય છે. એટલે પછી તમારું તો ખાઈ જશે પણ બીજાનું હઉ ખાતા શીખશે !'

તે પછી એને ખુલાસોય મારે આપવો જ પડે ને ! ખુલાસો ના આપવો પડે, કોઈ પૂછે તેનો ? અને ખુલાસો પદ્ધતસર હોવો જોઈએ, એમ કંઈ મારી-ઠોકીને આ ખુલાસો અપાય ? પછી મેં કહ્યું, 'વાત સાચી છે કે મારે લીધે બહારવટિયા જેવા અમુક માણસો થયા છે. બધા માણસો નહીં, બે-પાંચ માણસો. એન્કરેજમેન્ટ (પ્રોત્સાહન) મળ્યું ને ! ત્યાર પછી મેં એમને કહ્યું, મારી વાત તમે સાંભળો, બરોબર સ્થિરતાથી. જુઓ, મેં એમને ધોલ મારી હોત તો દયાળુ માણસ ધોલ કેવી મારે, એ તમને સમજમાં આવે છે ?' ત્યારે કહે, 'ના.' મેં કહ્યું, 'પોલી !' કેવી મારે ? તે ઊલટું એન્કરેજમેન્ટ વધારે થાય ! કહેશે, 'ઓહોહો, બહુ ત્યારે આટલુંક ધોલ મારશે ને ! હવે તો આ જ કરવા દે.' માટે દયાળુ માણસ છોડી દે છે તે જ બરાબર છે, કહ્યું.

એટલે મેં એમને કહ્યું, ભઈ, હું દયાળુ માણસ છું. તે હું બહુ ત્યારે ધોલ મારીશ તોય પોલી મારીશ, એના કરતા કોઈ એને મજબૂત મળી આવવા દો ને ઠેઠ. આમ કરતા કરતા બે-ચાર વખતમાં એને એક મજબૂત એવો મળી આવશે ને, તે માથું તોડી નાખશે. મારી પોલી ધોલથી નહીં પાંસરો થાય.'

## પોલી ધોલથી કોઈ ડાહ્યો થાય ?

તમને સમજાયું ને ? ખુલાસો બરોબર છે ને ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** વકીલને ગળે ઊતરે એવો ? થયું ત્યારે !

આપણાથી શું ધોલ મરાય ? એટલે પોલી મારું. ઊલટું, એક જગ્યાએ છે તે અમારા ભાભીને હુકમનામું હતું. તે ત્યાં આગળ ઉઘરાણી કરવા ગયો'તો. મેં કહ્યું, 'થોડા ઘણા એ રૂપિયા આપે તો સારું એમ ને એમ, આ હુકમનામું બજાવવું એના કરતા. બજાવવાનું મને ગમે નહીં. દાવો કરવાનોય નહોતો ગમતો. ત્યારે તો એને ત્યાં બીજા જપ્તીવાળા માણસો આવેલા. એટલે પછી પંદર રૂપિયા આપીને આવ્યો ઊલટાં. બિચારી એની બઈને દુઃખ થતું'તું, તે દઈને આવ્યો. પછી મેં કહ્યું, હવે આ ખાતું જ બધું મૂકી દો અને આ બધું મૂકી દો, બાજુએ. ઊલટું આ તો પંદર રૂપિયા ખર્ચ થાય છે. સોએક રૂપિયાની જપ્તી લઈને આવ્યો હશે કોઈક. મારે ચારસો જ રૂપિયા હતા, બીજું શું ? હવે એ જમાનામાં તો તે મોટી વાત કહેવાય ને ? આ તો ૧૯૩૯ની વાત કરું છું.

## પૈસા ગયા પણ મોટો ઉપદેશ મળ્યો

**પ્રશ્નકર્તા :** તમારી વાત કરો ને, દાદા. પાંચસો રૂપિયા એક જણને તમે આપ્યા હતા પછી... ?

**દાદાશ્રી :** એ તો વાત નવી જ જાતની પાછી ! એ નવી જાતની એક વાત કરું. બધા રૂપિયા ગયા તેની વાત નથી કરતો. એ તો ગયા પણ એ કંઈ લઈ ગયા નથી. મારો હિસાબ જ હતો ને ચૂકતે થઈ ગયો. પણ એક નવી વાત !

અમે એક માણસને પાંચસો રૂપિયા આપેલા. તે પછી અમે તો કોઈ દહાડો માંગીએ નહીં. પછી મને અમારા મહેતાજીએ એક દહાડો કહ્યું, 'આ આના બે-એક વર્ષ થયા, તે આ ભઈને કાગળ લખું ?' ત્યારે મેં કહ્યું, 'ના, કાગળ ના લખશો. એમને ખોટું લાગે.' અને મને એ એક દિવસ રસ્તામાં ભેગા થયા. ત્યારે મેં કહ્યું, 'મહેતાજી કાગળ લખવાનું કહેતા હતા. પેલા પાંચસો રૂપિયા મોકલી આપજો.' ત્યારે કહે, 'કયા

પાંચસોની તમે વાત કરો છો?' ત્યારે મેં કહ્યું, 'તમે બે વર્ષ પહેલાં ન્હોતા લઈ ગયા ? તે વખતના ચોપડામાં જોઈ જાવ.' ત્યારે એ કહે, 'એ મેં તમને આપેલા, તમે આ તો ભૂલ ખઈ ગયા છો.' મેં જાણ્યું કે આવી ડિઝાઈન આખી જિંદગીમાં ફરી જોવા-જાણવા નહીં મળે ! માટે આપણે આ ધન્યભાગ્ય આજે ! મોટામાં મોટો ઉપદેશ આપવા આ માણસ આવ્યો. એટલે મેં એને શું કહ્યું ? 'આ મારી ભૂલ થઈ હોય વખતે, આજ બપોરે તમે ઘેર આવો.' પછી ચા-પાણી પાઈને પાંચસો આપી પાવતી લખાવી લીધી. આવો માણસ ફરી આખી જિંદગીમાં મળવાનો નથી. તે મૂઆ પાંચસો નહીં ને હજાર ગયા, પણ આટલો ઉપદેશ મળ્યો ને કે આવા પણ માણસ હોય છે ! માટે આપણને જરા ચેતીને ચાલવાનો ભાવ થાય ને ! પણ તે કેવો માણસ મને મળી ગયો ! આપણે સ્વપ્નામાંય કલ્પના ના કરી હોય, ઉપકાર તો ક્યાં ગયો !

એટલે આ જગતને શી રીતે પહોંચી વળાય? આપણે કોઈને આપ્યા હોય ને, તે આ દરિયામાં કાળી ચીંથરી બાંધીને મહીં મૂક્યા પછી આશા રાખવી એના જેવી મૂર્ખાઈ છે. વખતે આવ્યા તો જમે કરી લેવા ને તે દહાડો એને ચા-પાણી પાવાં કે 'ભઈ, તમારું ઋણ માનવું પડે કે તમે પાછા આવીને રૂપિયા આપી ગયા, નહીં તો આ કાળમાં રૂપિયા પાછા આવે નહીં. તમે આપી ગયા તે અજાયબી જ કહેવાય.' એ કહે કે 'વ્યાજ નહીં મળે.' તો કહીએ, 'મૂડી લાવ્યો એ જ ઘણું છે ને !' સમજાય છે ? આવું જગત છે ! લાવ્યો છે તેને પાછા આપવાનું દુઃખ છે અને ધીરે છે તેને પાછા લેવાનું દુઃખ છે. હવે આમાં કોણ સુખી ? અને છે 'વ્યવસ્થિત'! નથી આપતો તેય 'વ્યવસ્થિત' છે અને ડબલ આપ્યા તેય 'વ્યવસ્થિત' છે.

## કઈ સમજણે આપ્યા ?

**પ્રશ્નકર્તા :** આપે બીજા પાંચસો કેમ પાછા આપ્યા ?

**દાદાશ્રી :** ફરી કોઈ અવતારમાં એ ભઈ જોડે આપણને પ્રસંગ ના પડે, એટલી જાગૃતિ રહે ને, કે આ તો ઘર ભૂલ્યા ! એ કહેશે કે 'મારાથી અપાય એવા નથી, તો માંડવાળ કરજો.' તો એને પહોંચી વળાય ને ફરી આવતા અવતારમાંય ભેગો થાય તો વાંધો નથી ! પણ આવા માણસ તો કોઈ અવતારમાંય દર્શન ના થવા જોઈએ. અમારી નાતને તો અડે જ નહીં તો સારું. અમારી નાતમાં ક્યાં સુધી અડે કે એ કહે કે 'મારી પાસે સગવડ નથી તો તમે માંડવાળ કરો.' ત્યાં સુધી અમારી નાતને અડે પણ જે આવું બોલે તે તો અમારી નાતને અડેય નહીં. કામ જ ના ચાલે ને ! અમારી નાત જોડે લેવાદેવા જ નહીં ને ! ફરી ભેગો જ ના થાય તો સારું ! ફરી એના દર્શન જ ના થશો. પેલો જાણે કે 'હું ફાવ્યો.' અમે કહીએ કે 'તું ફાવ્યો છું અને અમારી ઈચ્છા હતી, તું ફાવ! મારો મોટો હિસાબ પતી ગયો ને !' આ ક્વૉલિટીને તો કેવી રીતે પહોંચી વળાય? હવે આને તો ન્યાય કહેવો કે અન્યાય ? કોઈ કહેશે કે 'તમે ન્યાય કરાવીને રૂપિયા પાછા લો.' મેં કહ્યું કે 'ના, આ તો હવે ઓળખાણ પડી કે આવી ક્વૉલિટી હોય છે ! માટે આ જ્ઞાતિથી તો બહુ છેટા જ રહો અને આમની જોડે તો ખરા-ખોટાનો ન્યાય કરતાં તો તલવારો ઊડે એટલું થાય !'

એટલે આ સમભાવે નિકાલ કેવો કર્યો આ ! તો એની નીચેના બધાયના સમભાવે નિકાલ કરવાના. આપણા પૈસા છતાંય ઊલટા એને ખોટા આપ્યા. એમ કરીનેય એનાથી છૂટી ગયો ને ! એ શું જાણે કે મેં કેવા મૂરખ બનાવ્યા ! ભલે તે મૂરખ બનાવ્યો, તોય હું છૂટ્યો ને પણ ! તારી

દૃષ્ટિએ હું મૂરખ બન્યો પણ ગુનેગાર તો ના રહ્યો ને તારી દૃષ્ટિમાં ! હું લુચ્ચો બનું તો ગુનેગાર કહેવાઉ કે મને છેતરી ગયા. પણ મૂરખ બન્યો એટલે તારી દૃષ્ટિમાં હું ગુનેગાર ના ગણાવ. એટલે આવા વેરથી છૂટવા જેવું છે આ જગતમાં. નર્યા વેર જ ! સત્યુગમાં છે તે પ્રેમથી બંધાયેલા હશે અને કળિયુગમાં બધા વેરથી બંધાયેલા.

## માનીને માન, લોભિયાથી છેતરાય

હવે ત્યાં આગળ તમે કહો કે સમાધાન વૃત્તિ, ત્યાં શી રીતે મેળ પડે ? અમે નિકાલ કરી નાખીએ, સમભાવે નિકાલ ! તમને સમજાયું ને, હું શું કહેવા માગું છું તે ? આફ્ટર ઓલ (અંતે) આપણે આ ભાંજગડોમાં પડી રહેવું નથી. અને પાછું એ પાંચસો જે લઈ ગયો તે કો'કના હાથની સત્તા નથી. વ્યવસ્થિતની સત્તાના આધારે એ નિમિત્ત છે. એને આવો વ્યાપાર કરવો છે એટલે આ વ્યવસ્થિત એને ભેગો કરી આપે છે. એની દાનત આવી છે એટલે અને આપણા હિસાબમાં જવાનું હોય. અને આપણને બોધપાઠ મળે છે.

તે ઘડીએ તમારા મનમાં કેટલા બધા ડિસ્કરેજ (નાહિંમત) થઈ જાવ, આ પાંચસોની બાબતમાં ! આમ આપણે હોટલમાં પાંચસો રૂપિયા ખર્ચી નાખીએ. ખર્ચીએ કે ના ખર્ચીએ ? મુંબઈ ગયા હોય અને સારી હોટલ હોય તો બે દહાડા રાખીને પણ પાંચસો રૂપિયા ખર્ચી નાંખીએ. અને આમ પાંચસો ગયા તે આપણને છાતીએ ઘા લાગે. કારણ કે પેલું આપણે સમાધાન વૃત્તિ ખોળીએ છીએ. કોઈ દહાડો સમાધાન ના થાય. કેમનું થાય ? જ્યાં આ સાવ આવું ઊંધું જ બોલે તેને ! એટલે સમભાવે નિકાલ કરી નાખો. ખરું કે ખોટું પણ કેસ ઊંચો મૂકી દેવાનો ! વેર ના બાંધે ને કશુંય નહીં ! ઊંધો ચોંટી પડે તો ઊંધો ચોંટી પડ, છતો તો છતો ચોંટી પડ ! અમે લોભિયો હોય ને, ત્યાં છેતરાઈને એને ખુશ કરીએ. માની માણસ હોય તેને માન આપીને ખુશ કરીએ. જેમ તેમ ખુશ કરીને આગળ જઈએ. અમે આ લોકોની જોડે ઊભા ના રહીએ. 'એડજસ્ટ એવરીવ્હેર', એવી કોઈ જગ્યા નથી કે અમે એડજસ્ટ ન થઈએ !

નઠારો માણસ હોય તો એને એડજસ્ટ ના થઈએ તો એ આપણને છોડે નહીં, કે 'મોક્ષે નહીં જવા દઉ.' 'મોક્ષે નહીં જવા દઉ,' એવું કહે, ના કહે ?

**પ્રશ્નકર્તા :** હા, કહે.

**દાદાશ્રી :** એને હક્ક ખરો કે નહીં ?

**પ્રશ્નકર્તા :** ખરો.

**દાદાશ્રી :** એની જોડે વેર મટાડી દઈએ. રિવેન્જ, એ જ છોડતું નથી આપણને.

**પ્રશ્નકર્તા :** બરોબર છે, દાદા.

**દાદાશ્રી :** વેર બાંધવાનું નહીં ક્યાંય !

## કોઈ પણ રસ્તે વેર છોડો

આ ઘરાક અને વેપારી વચ્ચે સંબંધ તો હોય ને ? અને એ સંબંધ વેપારી દુકાન બંધ કરે તો છૂટો થઈ જાય ? ના થાય. ઘરાક તો યાદ કરે કે 'આ વેપારીએ મને આમ કરેલું, આવો ખરાબ માલ આપેલો.' લોક તો વેર યાદ રાખે; તે પછી તમે આ ભવમાં દુકાન બંધ કરી હોય પણ એ આવતે ભવે તમને છોડે ? ના છોડે. એ તો વેર વાળીને જ જંપે. એથી જ ભગવાને કહેલું કે 'કોઈ પણ રસ્તે વેર છોડો.'

અમારા એક ઓળખાણવાળા રૂપિયા ઉધાર લઈ ગયેલા. પછી પાછા આપવા જ ના આવ્યા. તે અમે સમજી ગયા કે આ વેરથી બંધાયેલું હશે, તે

ભલે લઈ ગયો. આ પૈસા જતા કરીનેય વેર ભંગાતું હોય તો ભાંગો. જે તે રસ્તે પણ વેર છોડો, નહીં તો એક માણસ જોડેનું વેર ભટકાવશે.

### વેરથી છૂટવા માટે સમભાવે નિકાલ

આ જગત વેરથી જ બંધાયેલું છે. એટલે મેં સમભાવે નિકાલ કરવાનું કહેલું ને !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ગમે તેવી ફાઈલ હોય પણ સમભાવે નિકાલ કરો.

નિકાલ કરવાથી જ મોક્ષ થાય છે. ફક્ત સમભાવે નિકાલ કરવાનું તમને કહ્યું. પેલા જગતના વ્યવહારમાં નિકાલ કરવાનો અને અહીં સમભાવે નિકાલ કરવાનો. સમભાવે નિકાલ કરો એટલે મોક્ષ થાય જ. અને જગત વ્યવહાર ચલાવવા માટે નિકાલ કરવાનો. કૉમ્પ્રોમાઈઝ (સમાધાન) એ મુખ્ય વસ્તુ છે, આ જગતમાં. લડવું એ ભયંકર ગુનો છે.

**પ્રશ્નકર્તા :** આપણું ખોટું ના હોય તોય કૉમ્પ્રોમાઈઝ કરવું ?

**દાદાશ્રી :** હા, કૉમ્પ્રોમાઈઝ તો કરવું જ જોઈએ ને ! કૉમ્પ્રોમાઈઝ નહીં કરો તો ત્યાં આગળ શું ખાતરી ? ત્યાં આપણને ખાતરી છે કે આપણું આમ થઈ જશે જ ?

**પ્રશ્નકર્તા :** દાદા, એ તો આપે અપૂર્વ કીધું છે કે 'લગામ જ છોડી દો.'

**દાદાશ્રી :** પેલો આપણને ભેટ્યો કેમ કરીને ? કયા કાયદાથી એ ભેટ્યો છે ?

આપણને કેમ ભેગો થયો કે આપણી ભૂલ છે માટે. 'ભોગવે એની ભૂલ.' સમજાયુંને ? ભૂલ ભોગવે એની.

### છૂટવું હોય તો નિવેડો લાવો

આવો સંયોગ આપણને ભેગો થયો ? એવા શા પાપ કર્યા હશે કે તે આવો સંયોગ ભેગો થયો ? માટે આ તો વહેલેથી નિકાલ કરવો પડે. પાંચસોમાં તો સારું થયું. કાલે સવારે કંઈ ઊંધું ચોંટી પડ્યો મોટી બાબતમાં, તો શું થાય ? માટે આનો તો પહેલો નિકાલ કરવો પડે, સહી-સિક્કા સાથે. આ તો સંસાર છે ! બંધાવું હોય તેને આરંભ કર્યા કરવો.

હવે છૂટવું હોય તો નિવેડો લાવો. જુઓ ને, છૂટવા સારુ શેઠ અહીંયા આવ્યા. કારણ કે આખી દુનિયામાં કોઈ ગુનેગાર છે જ નહીં. ગુનેગાર દેખાય છે તે ભ્રાંતિની દૃષ્ટિથી દેખાય છે. સત્ય દૃષ્ટિથી ગુનેગાર કોઈ છે જ નહીં.

### તમે તમારું સંભાળો

હવે ત્યાં જ પેલા જોડે બાઝીએ તો તો મૂર્ખાઈ જ છે ને આપણી ! આ તો દર્શન કરવા જેવો માણસ કહેવાય, કે હારું, આ મેં તને પૈસા આપ્યા છે ને તેની ઉપર તારી ચિત્તવૃત્તિ આટલે સુધી ફરી ગઈ છે ! આપ્યાનો ગુણ તો ક્યાં ગયો અને ઉપરથી ભારે અવગુણ કરે ! એટલે આપણે જાણીએ કે તારા દર્શન કરવાના મળ્યા, 'રૂપિયા સાતસો લઈ લે' કહીએ. મૂઆ પાંચસો તો ગયા, પણ સાતસો બીજાં, બારસોની કાણ થઈ પણ એટલામાં તો બહુ જાણવાનું મળ્યું ને ! બધે છૂટ્યા આપણે. છૂટ્યા. એમાં વાંધો શું આવું કરવામાં ?

**પ્રશ્નકર્તા :** પણ આવી રીતે ખોટું પ્રોત્સાહન આપ્યું, આથી તો જગત બગડ્યું છે.

**દાદાશ્રી :** હા. જગત બગડ્યું છે, પણ તમારું ના બગડે એ જોતા રહેજો ! તમે તમારું સંભાળો !

કારણ કે એ આડો માણસ ઊંધું ચાલ્યા વગર રહેવાનો જ નથી. એણે નક્કી કર્યું છે અને આપણને કૉર્ટ પોસાય નહીં, આપણને કોર્ટના ધક્કા ખાવાના પોસાય નહીં. આ વકીલોની દાઢીઓમાં હાથ ઘાલવા એ તો કંઈ લાયકાત છે ? પાછા વકીલો ગાળો ભાંડે ! 'કેમ મોડા આવ્યા ? અક્કલ વગરના છો, આમ છો, તેમ છો.' શું કહો છો ?

**પ્રશ્નકર્તા :** આપે બરોબર કહ્યું, હવે ફિટ થયું. હવે મારે નથી બગડવું, જે થવું હોય તે થાય.

**દાદાશ્રી :** ભગવાનેય કૉમ્પ્રોમાઈઝ કરતા'તા, દરેકની સાથે. તેથી આપણે કહ્યું ને, 'સમભાવે નિકાલ કરો, મોક્ષે જવું હોય તો.'

## વેર વધારશો નહીં

ફાઈલોનો સમભાવે નિકાલ કર્યો હતો કે એવું જ બધું ? સમભાવે નિકાલ કર્યો તો કોઈની જોડે વેર ના બંધાય. નવા વેર બાંધશો નહીં ને જૂના વેરના નિકાલ કરજો. જો તમને કશો પુરુષાર્થ કરતાં ના આવડે તો છેવટે આટલું કરજો; વેરનો નિકાલ કરજો.

ભગવાને કહેલું કે 'આ અવતારમાં તું નવું વેર વધારતો નહીં ને જૂનું વેર છોડી દેજે.' જૂનું વેર છોડીએ તો કેવી શાંતિ થાય ને ! નહીં તો આપણા લોક તો પહેલાં મૂંછો મરડતા જાય ને વેર વધારતા જાય ! પણ હવે વેર વધારવાનું નહીં, દહાડે દહાડે વેર ઓછું કરવાનું. આ 'દાદા'ને કોઈ વેરવી નથી. કારણ કે વેરનો નિકાલ કરીને આવેલા છે. બધા વેરનો નિકાલ કરીને આ ભવમાં આવેલા અને તમને એ જ શીખવાડીએ છીએ કે આ ભવમાં વેરને હવે વધારશો નહીં.

કોઈ પેશન્ટ (દર્દી) એવા હોય કે તે ફીના પૈસા ના આપે ને તમને ઊલટાં ટૈડકાવે. આપણે કહીએ કે 'ભઈ, પૈસા નહીં આપે તો ચાલશે,' તોય એ શું કહે, 'ડૉક્ટર, હું તમને જોઈ લઈશ.' 'અલ્યા, અમને જોઈને શું કામ છે ? અમને તો જોઈ લીધેલા જ છે.' જેમ તેમ કરીને કેસ ઊંચે મૂકી દેવો. કોર્ટમાં તારીખો પડે એવું ના રાખવું. આપણે તો જે દહાડે તારીખ આવી હોય ને, તે દહાડે નિકાલ કરી જ નાખવાનું. નહીં તો કોર્ટમાં તારીખો પડ્યા કરે. પછી કેસ લંબાયા કરે ને વેર વધ્યા કરે, એવું આપણે રાખવું જ નહીં.

## કોઈ આપણી પાસે ઉઘરાણી કરે ત્યારે...

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે કોઈની જોડે પૈસા લીધા હોય અને આપણી જોડે પાછા આપવાની સગવડ ના હોય તો ત્યાં શું કરવું ?

**દાદાશ્રી :** ધારો કે આમની થાપણ મેં લાખ લીધી હોય અને એ લેવા આવે ત્યારે મારે સગવડ ના બેસે એવું હોય, છ મહિના-બાર મહિના સુધી, તો મારે એમને કહી દેવાનું કે 'થોડો ટાઈમ લાગશે.' છતાં ઊંધું-ચત્તું બોલે, તો એમને કહીએ કે 'ભઈ, સમતા રાખો. છેવટે હું તો આપી દઈશ બધું.' હવે તે વખતે આપણને ખરાબ વિચાર આવે કે હવે શું કરી લેવાના છે, એ પુરુષાર્થ !

**પ્રશ્નકર્તા :** એ પુરુષાર્થ થયો ?

**દાદાશ્રી :** હા...

**પ્રશ્નકર્તા :** રિએક્શન (પ્રતિક્રિયા) આવ્યું ને, ખોટું રિએક્શન !

**દાદાશ્રી :** તે અવળું કર્યું આપણે. એ અવળું બોલે, પણ આપણે અવળું ના બોલવું જોઈએ. અને બહુ જ અવળું બોલતા હોય, વકીલાત જેવું કરતા હોય તો એક વાક્ય કહી દેવું, કે ભઈ, લક્ષ્મી લીધી ત્યારે મારે ને તમારે લક્ષ્મી પાછી આપવાની શરત હતી, વ્યાજ સાથે. આમાં તમારે

મને ટૈડકવાની શરત હતી નહીં ! અને જો એ શરત તમે દાખલ કરશો, તો મારે દસ હજાર એક ફેરો કાપવા પડશે, તમારી એક્સ્ટ્રા આઈટમના !' બહુ જો એ રોફ મારતા હોય તો આપણે કહી દેવાનું. આપણે દિલથી, પઈએ પઈ આપી દેવી છે. એટલે એને કહી દેવું ચોખ્ખું.

મેં મુંબઈમાં એક વેપારીને કહી દીધું'તું. અમારે એક સંજોગ એવો આ થયો'તો. તે પેલો આમ ટૈડકાવવા આવ્યો, અમારા ભાગીદાર જોડે. મેં કહ્યું, 'ભઈ, એક્સ્ટ્રા આઈટમ ના કરશો, નહીં તો પૈસા કપાઈ જશે. કરવી હોય તો કરો તમારે, પૈસા કપાઈ જશે.' પેલો સમજી ગયો. આ કાયદેસરથી કાપી લઈશ હું. તે આવી પોલ ચાલતી હશે બધી ? એક્સ્ટ્રાની તમે શર્ત નથી કરી. આવું કંઈક બોલવું તો જોઈએ ને ?

## ચૂકવી દેવાનો જ ભાવ

આપણે નક્કી કરવું કે 'કાયમને માટે ખોટું નથી કરવું અને આના રૂપિયા વહેલે-મોડે પણ આ જિંદગીમાં તો અવશ્ય આપી દેવા છે.'

એટલે આપણે તો એક જ ભાવ રાખવો કે 'કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન હો અને બીજું એ કે કોઈનીય લક્ષ્મી આપણી પાસે ના રહે.' ભાવ એક ચોખ્ખો રાખવો કે બધું દેવું ચૂકતે થઈ જાય. કારણ કે મનુષ્યના દસ પ્રાણ છે. પછી લક્ષ્મીને અગિયારમો પ્રાણ કહ્યો છે. માટે આપણી લક્ષ્મી કોઈની પાસે રહે તેનો વાંધો નથી પણ કોઈનીય લક્ષ્મી આપણી પાસે ના રહેવી જોઈએ. ધ્યેય નિરંતર એ જ રહેવો જોઈએ કે મારે બધાની પાઈએ પાઈ ચૂકવી દેવી છે. પછી એ ધ્યેય લક્ષમાં રાખીને તમે ખેલ ખેલો તો વાંધો નથી, પણ ખેલાડી ના થઈ જશો. ખેલાડી થઈ ગયા કે તમે ખલાસ ! એટલે આ જગતના કંઈ 'લૉ' (કાયદા) તો હશે જ ને ! દરેક ધંધા ઉદય-અસ્તવાળા છે ને ! બધું ઉદય-અસ્તવાળું જ હોય.

## કોઈનોય પૈસો ના દબાવાય

એટલે આપણે અત્યારે કોઈ પણ માણસને એમ કહી શકીએ કે 'ભઈ, ગમે એટલા ધંધા કરો, ખોટ જાય તોય વાંધો નથી, પણ મનમાં એક ભાવ નક્કી રાખજો કે મારે સર્વને આપવા છે.' કારણ કે પૈસો કોને વહાલો ના હોય એ કહો. દરેકને વહાલો હોય. પોતાના છોકરાને રૂપિયાનું ચવાણું ના લાવી આપતા રૂપિયા બચાવે છે અને પેલાને પાંચ હજાર રૂપિયા ધીરે છે. એટલે પૈસો સહુને વહાલો હોય. એટલે આપણે એનો પૈસો ડૂબે એવો તો આપણા મનમાં ભાવ પણ ઉત્પન્ન થવો ન જોઈએ. ગમ્મે તે ભોગે મારે આપવા જ છે, એવું ડિસિઝન પહેલેથી રાખવું જ જોઈએ. આ મોટામાં મોટી વસ્તુ છે. બીજામાં નાદારી કાઢી હશે તો ચાલશે પણ પૈસામાં નાદારી ના હોવી જોઈએ. કારણ કે પૈસા તો દુઃખદાયી છે. પૈસો તો, એને અગિયારમો પ્રાણ કહ્યો છે. માટે કોઈનો પૈસો ડૂબાડાય નહીં.

એમ માનો કે કોઈ સાહેબ રીટાયર્ડ (નિવૃત) થઈને મુંબઈ ગયા ને કંઈ મોટો સોદો કર્યો. કમાવાની લાલચ તો હોય ને અને એમાં કંઈ બે-ત્રણ લાખ રૂપિયાની ખોટ ગઈ, એટલે શું એમણે હાથ ઊંચા કરી દેવા ? આવડી નાની ઓરડી રાખીને કહીએ કે આપણે રૂપિયા પાછા વાળવા જ છે, એમ નક્કી કરીએ તો વરસે-બે વરસે પાછું રાગે પડી જાય. આત્માની અનંત શક્તિઓ છે !

આજકાલ તો દસ-વીસ લાખ રૂપિયા દાબી અને પછી પૂળો મૂકે (દેવાળું ફૂંકે) છે. એ તો બહુ ખોટું કહેવાય. અનંત અવતાર ખરાબ કર્યા, પણ હવે કોઈનોય પૈસો ના દબાવાય.

## ભાવના હોય તો રૂપિયા અપાય

નિયમ એવો છે કે પૈસા લેતાંની સાથે જ 'આના પૈસા મારે પાછા આપવા છે', એવું નક્કી કરીને પછી જ લેવાય. ત્યાર પછી ચાર-ચાર દહાડે એનો ઉપયોગ દેવો પડે કે આ પૈસા વહેલામાં વહેલી તકે પાછા અપાય, એવી ભાવના કરે પાછી. અને તે ભાવના હોય તો રૂપિયા અપાય, નહીં તો રામ તારી માયા ! રૂપિયા અપાય નહીં. આ તો બધા જે દેવાં કરે છે ને, તે પછી જે ઉઘરાણીએ આવ્યો તે લઈ ગયો. ત્યારે બીજાના લઈ આવ્યા. આ એકના દસ હજાર લે છે, બીજાને પાંચ હજાર આપી દે છે. પાછા બીજાના લે છે ને બીજા કોઈના આપી દે છે. એમ તેમ કરીને ચક્કર-ચક્કર ચલાવે છે ! તે છેવટે પોક મેલે છે.

## નૈયત બગડે નહીં એટલું સાચવજે

આપણે રૂપિયા લેતા પહેલા ભાવ થાય, તે લેતાં પહેલાં એ વિચાર કરે કે આ લઈશું ખરા પણ આપીશું ક્યારે ? માટે જેને માનતો હોય ને, 'હે ભગવાન, મને એને વહેલામાં વહેલી તકે પાછા આપવાની શક્તિ આપો' બોલીને પછી લેવા. એ નૈયત સારી કહેવાય. તેને પછી આપણા લોક દાનત કહે, બીજું બધું કહે, પણ મૂળ નૈયત છે.

કોઈને ના અપાયા હોય, તોય મનમાં એવી ભાવના રાખવી કે ક્યારે અપાય ! આપણને એમ લાગે કે અહીં પૈસા નાખવા જેવા છે, દાન કરવા જેવું છે, તોય આપણાથી ના અપાય તો મનમાં ભાવના રાખવી. ના અપાય તો તેનો વાંધો નહીં, પણ ભાવ જ ના રાખે તો ? બીજ નાખીએ નહીં તો ઊગે કેમનું ? આ તો બીજ નાખીએ, કોઈ ફેરો ધૂળ આવીને ભેગી થઈ અને એ ઊગી નીકળે. બીજ જ ના નાખીએ તો ? એ નિયતિ કહેવાય છે. નૈયત એટલે બરકત. બરકત તો જોઈએ ને ?

એટલે અમે વ્યાપારીઓને પહેલું શીખવાડીએ કે નૈયત બગડે નહીં એટલું સાચવજે, તો તું સુખી થઈ જઈશ. એ જ્ઞાન તું સાચવી રાખજે. ભલે દુઃખી થઈ જઉં, ગમે તે થયું, આપવા છે એવું નક્કી રાખજે. એટલે છેવટે અપાઈ જશે. પૈસા બધાય જતા રહે, દેવું થઈ ગયું હોય તોય આપવા છે એવું નક્કી રાખજે.

## નૈયત બગડે તો માર ખાવો પડશે

તમને એક દાખલો આપું. એક ભઈની પાસેથી પચાસ હજાર રૂપિયા લઈ ગયો હોય ને, પછી પેલાના પૈસા જતા રહ્યા એટલે મનમાં એમ થયું કે હવે શી રીતે આપીશું ? તે જતા રહ્યા ત્યાં સુધી આપવાનો ભાવ હતો. અને પછી પૈસા ખલાસ થઈ ગયા એટલે થોડા અરસામાં એણે નક્કી કર્યું કે 'હવે શું આપવું-લેવું છે, મેલોને છાલ !' અને પછી કમાયો. પણ પેલું 'શું આપવું-લેવું છે' એ રહ્યું ઠેઠ જોડે. જે અભિપ્રાય બાંધ્યો ને, તે જોડે રહ્યો. ત્યારે પેલો પૈસા માંગતાવાળો શું કહે ? હં, પૈસા આવ્યા તોય નિયત જ ખોટી છે તમારી ! એ જ નિયતિ.

નૈયત એટલે શું ? ભાવિભાવ. ભવિષ્યમાં જે થવાનું છે તેનો ભાવ આજે કરીએ. આપવા નથી એ જે ભાવ કર્યો તે...

**પ્રશ્નકર્તા :** એને માટે શબ્દ દાનત.

**દાદાશ્રી :** દાનત આમાં વપરાય છે, કે તારી નૈયત બરોબર નથી.

એટલે આ શું કહેવા માંગું છું ત્યાં આગળ કે ભલે પૈસાની ખોટ ગઈ, આમતેમ થયું તો મનમાં થાય કે હવે શી રીતે આપીશું, પણ છતાં તે વખતે એવી (દાનત) નહીં કરવાની કે હવે શું આપવું છે ? તે ઘડીએ એમ જ રાખવું કે મારે

પૈસા આપી દેવા છે, મરતાં સુધીમાં. ન અપાય તેનો વાંધો નથી પણ પૈસા મારે આપી દેવા છે, જ્યારે આવે ત્યારે. એ વૈજ્ઞાનિક રીત છે.

નૈયત બગડે એ નિયતિ છે. નિયતિમાં એણે નિયત બગાડી. એનો માર ખાવો પડશે હવે. નિયત જો બગડે નહીં તો સીધો મોક્ષે ચાલ્યો જાય, જો કોઈ પણ વાતમાં નિયત બગાડે નહીં, નિયતિનો દુરુપયોગ ના કરે તો !

## દાનત સાચી તો કલ્યાણ થઈ જાય

હવે આ નિયતિનો દુરુપયોગ થયો તેનો માર પડવાનો હવે. એય વળાંક માર્યો. કેટલાંય અવતાર એનો વળાંક ખાધો. નૈયત બગડી, કહેશે. હવે અનુભવીઓને પૂછીએ કે 'સાહેબ, ત્યારે કરવું શું, નૈયત ના બગાડીએ તો ? કારણ કે અહીં પહોંચી વળીએ એવું નથી.' ત્યારે કહે, 'પહોંચી ના વળાય એવું હોય તો બધાને કહી દે કે સાહેબ, જરા પહોંચી વળાય એવું નથી, પણ મારે આપવાના છે.'

'તારી નૈયત ના બગડી, તો તારો નંબર ફર્સ્ટ (પહેલો)', કહેશે. નૈયત ના બગાડીશ. આ નિયતિ તો મોટામાં મોટી ગજબની વસ્તુ છે ને એને જ જો તું આમ સમજીને ના બગાડીશ. પણ લોકો જાણે નહીં ને! લોકો જાણે કે આ મોટામાં મોટી વસ્તુ, એવું જાણે નહીં ને !

**પ્રશ્નકર્તા :** ના જાણે ત્યારે જ બગડે ને!

**દાદાશ્રી :** હા, જો નિયતિ મેં દેખાડીને તમને? તમે જોઈને નિયતિ?

**પ્રશ્નકર્તા :** હા, દેખાડી, દાદા.

**દાદાશ્રી :** વ્યવહારમાં ચાલુ હોય છે, પણ ખબર ના પડે.

**પ્રશ્નકર્તા :** દાદાના જ્ઞાનથી બહુ મોટો ફાયદો થઈ જાય છે કે વળાંક લઈ લે ને, તો નિયતિમાં જ સીધો ચાલ્યો જાય.

**દાદાશ્રી :** નિયતિમાં જ સીધો જતો રહે છે. એટલે વળાંક ના આવે. એટલે કરોડ રૂપિયાનું નુકસાન થયું હોય તો બધાને કહે, 'ભઈ, હું તમને દૂધે ધોઈને પૈસા આપીશ.' લોકો તો ગાળો દે, નૈયત બગાડીનેય ગાળો નહીં દેવાના?

**પ્રશ્નકર્તા :** લોકો તો ગાળો દેવાના જ છે.

**દાદાશ્રી :** માટે તું એનો આ ટાઈમ પસાર કરી નાખ ને ! તારો ભાવ, તારી નૈયત નહીં બગડેલી હોય તો પેલા સાનમાં સમજી જશે, કે 'ભાઈની દાનત સાચી છે', એમ કહેશે. એ સમજી જાય કે ના સમજી જાય કે દાનત સાચી છે ? એ દાનત સાચી તો કલ્યાણ થઈ જાય !

## દાનત ફરી તો દુઃખી થવાના

**પ્રશ્નકર્તા :** માણસની દાનત કેમ ખરાબ થાય છે ?

**દાદાશ્રી :** સારી દાનત હોય તો સંસાર હોય જ નહીં ને ! બધાની જો સારી દાનત હોય તો સંસાર હોય જ નહીં, સ્વર્ગ જ કહેવાય ને ! તો પાલખી ઊંચકનારાય ના હોય ને પાલખીમાં બેસનારાય ના હોય. ખરાબ દાનત છે તે પાલખી ઊંચકે છે.

જેને આપણે પાંચ હજાર રૂપિયા આપ્યા, હવે તેની દાનત ખરાબ થાય. એટલે આપણે પછી શું કરવાનું ?

**પ્રશ્નકર્તા :** પછી તો કાયદો સંભાળે. કાયદામાં જે રીતે થતું હોય એ રીતે કરવું પડે.

**દાદાશ્રી :** હા, કાયદાથી જેટલું બને એટલું કર્યું, છતાં હાથમાં ના આવે તો શું કરવું?

**પ્રશ્નકર્તા :** છોડી દેવું પડે.

**દાદાશ્રી :** આપણે એટલું સમજી જવું કે આ માણસની દાનત, નૈયત ફરી છે. એટલે આ માણસ ભવિષ્યમાં બહુ દુઃખી થવાનો છે. એટલે એની ઉપર આપણે ભગવાનને કહેવું કે 'ભગવાન, એને સદ્‌બુદ્ધિ આપ.' એ માણસ બહુ દુઃખી થશે અને જેની દાનત નથી ફરી, એ સુખી થવાનો છે! એટલે આપણે સમજી જવું કે આની દાનત ફરી તો આ દુઃખી થવાના છે. હવે જો બધાંયની દાનત ના ફરે તો કોણ દુઃખી થાય? એટલે અહીં ખાડો હોય તો અહીં ટેકરો કહેવાય. પછી ખાડો જ ના હોય તો લેવલ લેન્ડ (સમતળ) થાય.

## ઊંધા જ્ઞાનથી બગડે દાનત

**પ્રશ્નકર્તા :** હવે માણસની દાનત કયા કારણથી ખરાબ થાય છે ?

**દાદાશ્રી :** એનું ખરાબ થવાનું હોય ત્યારે એને ફોર્સ (દબાણ) મારે કે 'તું આમ કરી જા ને, હઉ થશે.' એનું ખરાબ થવાનું માટે. 'કમિંગ ઈવેન્ટ્સ કાસ્ટ ધેર શેડોઝ બીફોર.' (જે બનવાનું છે, તેના પડછાયા પહેલાં પડે.)

**પ્રશ્નકર્તા :** પણ એ રોકી શકે ખરો ?

**દાદાશ્રી :** હા, રોકી શકે એને. જો એને એવું જ્ઞાન મળેલું હોય કે ખરાબ વિચાર આવે તોય પાછળ પશ્ચાતાપ કર. તે પછી આમ કરે કે આવું ના હોવું જોઈએ, આવું ના હોવું જોઈએ. આમ રોકી શકાય. ખરાબ વિચાર આવે છે તે મૂળગત જ્ઞાનના આધારે, પણ આજનું જ્ઞાન એને એમ કહે છે કે 'આ કરવા જેવું નથી.' તો એ ફેરવી શકે છે. કંઈ ખુલાસો થાય છે ?

**પ્રશ્નકર્તા :** ઈચ્છાઓને લીધે દાનત ના બગડે ?

**દાદાશ્રી :** શેની ઈચ્છાઓ ?

**પ્રશ્નકર્તા :** એને ઈચ્છા થાય કે આ ભોગવી લેવું છે. એટલે હરામના પૈસા પડાવી લે, એમ ?

**દાદાશ્રી :** દાનત બગાડવી એટલે પાંચ લાખ રૂપિયા માટે બગાડવી એવું નહીં, આ તો પચીસ રૂપિયા માટે હઉ દાનત બગાડે બળી ! એટલે ભોગવવાની ઈચ્છાની ભાંજગડ નથી, એને એવા પ્રકારનું જ્ઞાન મળ્યું છે કે 'શું આપવું છે ?' આપવા કરતાં તો આપણે અહીં જ વાપરો. 'હઉ થશે, દેખ લેંગે', એ ઊંધું જ્ઞાન મળ્યું છે એને.

## મહીંનું બગડવા ન દેવું

લોકોને દેવાં બહુ થઈ જાય એટલે પહેલાં તો એમ થાય કે આપવું છે, પછી એમ થાય કે શું આપવું છે ? તો એ બગડ્યું! અંદરની સહી ના કરી આપવી.

સંજોગવશાત્ બહાર બગડી ગયું હોય તો ભલે બગડી ગયું, પણ મહીં ના બગડવા દઈશ. દેવું આપવાની સગવડ ના હોય ત્યારે મહીં ચોખ્ખું રાખવું કે 'આપવું જ છે.' તે મહીંનું બગડવા ના દીધું એટલે દેવા આપવાનો સમય આવશે. અંદરનું ના બગડ્યું એટલે 'આપણું' ના બગડ્યું. બહારનું બગડેલું લાકડામાં જશે. પછી બહારનું સુધરે કે નાય સુધરે.

જો અંદર કશું ના બગડતું હોય તો બહાર કશું જ બગડતું નથી. જગતનું આ ગુપ્ત રહસ્ય છે.

## ભાવ ચોખ્ખો જોઈએ જ

**પ્રશ્નકર્તા :** ભાવ ચોખ્ખો હોવો જોઈએ ને ? ભાવ જ બગડી ગયો હોય તો પાછા શી રીતે અપાય ?

**દાદાશ્રી :** એ ભાવ ચોખ્ખો નથી એ ઉપરથી

જ આપણે હિસાબ કાઢી શકીએ કે આ અપાશે નહીં. અને ભાવ ચોખ્ખો હોય તો જાણવું કે આ પાછા અપાશે. આપણે આપણી મેળે તોલ કાઢી જોવો.

આપણે કોઈના રૂપિયા લીધા હોય પણ આપણને અડચણ હોય તો આપણે આટલું જોવું કે આપણો ભાવ ચોખ્ખો રહે છે કે નહીં ? આપણો ભાવ ચોખ્ખો રહે તો જાણવું કે આ પૈસા આપણાથી ચોક્કસ અપાશે. પછી એના માટે ચિંતા-વરીઝ નહીં કરવાની. ભાવ ચોખ્ખો રહે છે કે નહીં, એટલું જ જોવાનું. આ એનું લેવલ છે. સામો ભાવ ચોખ્ખો રાખે કે ના રાખે, તેના ઉપરથી આપણે જાણીએ. એનો ભાવ ચોખ્ખો ના રહેતો હોય ત્યારથી આપણે જાણીએ કે આ પૈસા જવાના છે.

ભાવ ચોખ્ખો જોઈએ જ. ભાવ એટલે તમારા અધિકારથી તમે શું કરો ? ત્યારે કહે, 'આજે બધા રૂપિયા હોત તો આજે જ આપી દઉં!' એનું નામ ચોખ્ખો ભાવ. ભાવમાં તો એવું જ હોય કે ક્યારે વહેલામાં વહેલી તકે અપાય !

## હિસાબ ચૂકવવા માટે આ અવતાર

**પ્રશ્નકર્તા :** આ દેવાળું કાઢે ને પછી પૈસા ચૂકવે નહીં તો પછી બીજા અવતારે ચૂકવવાનું ?

**દાદાશ્રી :** એને ફરી પૈસા દેખાય નહીં, રૂપિયો એના હાથમાં અડે નહીં પછી. આપણો કાયદો શું કહે છે કે 'રૂપિયા પાછા આપવા માટે તમારે ભાવ ના બગડવો જોઈએ', તો જરૂર એક દહાડો તમારી પાસે રૂપિયા આવશે ને દેવું ચૂકવાશે ! ગમે તેટલા રૂપિયા હશે પણ છેવટે રૂપિયા કંઈ જોડે આવે નહીં, માટે કંઈક કામ કાઢી લો. હવે ફરી મોક્ષમાર્ગ મળે નહીં. એક્યાસી હજાર વર્ષ સુધી મોક્ષમાર્ગેય હાથમાં આવવાનો નથી. આ છેલ્લામાં છેલ્લું 'સ્ટેન્ડ' છે, હવે આગળ 'સ્ટેન્ડ' નથી.

પૈસાનું કે એવું તેવું સંસારનું દેવું હોતું નથી, રાગ-દ્વેષનું દેવું હોય છે. પૈસાનું દેવું હોત તો અમે ના કહીએ કે 'ભઈ, પાંચસો પૂરા માગતો હોય તો પાંચસો પૂરા આપી દેજે, નહીં તો તું છૂટીશ નહીં !' અમે તો શું કહીએ છીએ, કે 'એનો નિકાલ કરજે, પચાસ આપીનેય તું નિકાલ કરજે.' અને કહીએ, 'તું ખુશ છે ને ?' ત્યારે એ કહે, 'હા, હું ખુશ છું.' એટલે નિકાલ થઈ ગયો.

જ્યાં જ્યાં તમે રાગ-દ્વેષ કર્યા હોય, એ રાગ-દ્વેષ તમને પાછા મળશે.

કોઈ પણ ભોગે બધો હિસાબ ચૂકવવાનો. હિસાબ ચૂકવવા માટે આ બધો અવતાર છે.

## અહંકારને ઠોકર ન વાગવી જોઈએ

જેને નિકાલ કરવો છે એને આવી જશે. નિકાલ ના કરવો હોય તેને નહીં આવે. નિકાલ કરનારો અને જેનો નિકાલ થતો હોય તે બધાય જાણી જાય કે આ નિકાલ કરે છે ! નિકાલ એટલે બધાના મનના સમાધાનનો કાયદો. પચાસ માંગતો હોય તેને પચાસ જ આપે એવો કંઈ કાયદો નહીં. તું કેટલા રૂપિયે નિકાલ કરું તે દહાડે ?

**પ્રશ્નકર્તા :** પચાસ રૂપિયે.

**દાદાશ્રી :** પૂરેપૂરો ? ના હોય ત્યારે શું કરે ? હોય તો પૂરા આપી દેવા. ના હોય તો દસ વધતા-ઓછા કરીને કેસ ઊંચો મૂકવો. એટલે થઈ ગયો નિકાલ. સામો માણસ એમ નથી કહેતો કે 'મારા પૂરા પૈસા આપ.' સામો માણસ એટલું કહે કે 'ભાઈ, આ ફેર પૈસા નથી, એટલે તમે નભાવી લેશો ?' ત્યારે એ કહે, 'હા, નભાવી લઈશું.' એટલે થઈ ગયું ! આ દુનિયા એવી જ રીતે ચાલે છે ને ! અહંકાર પોષાવો જોઈએ. એના અહંકારને કંઈ ઠોકર ન વાગવી જોઈએ.

## આમ થાય સમભાવે નિકાલ

સત્યુગમાં પ્રેમથી બંધાયેલું હતું આ જગત અને આ કળિયુગમાં શેનાથી ? પ્રેમ તો રહ્યો જ નથી, આ વેરથી જ બંધાય છે. એટલે કોઈ જીવની જોડે વેર નહીં એટલે સમભાવે નિકાલ.

કો'ક ઊંધો ચોંટી પડ્યો હોય હજાર રૂપિયા માટે, તોય આપણે જાણવું કે આગળ-પાછળનું કંઈ હશે ! નહીં તો બધા કંઈ ઊંધા ચોંટી પડે નહીં. માટે કંઈક હિસાબ હશે ! માટે આમતેમ પતાવીને ઊંચો મૂકી દેવો કેસ. કોઈ વાંધો ઊઠે કે શબ્દ પડ્યો ત્યાંથી જ સમજવાનું કંઈ કારણ છે, ધેર ઈઝ સમથિંગ ! કંઈ બધા ચોંટી પડે નહીં ને એવો સંજોગ ફરી આવતોય નથી. આપણે સંજોગ ઉપરથી સમજી જઈએ કે આવો સંજોગ બન્યો, માટે ઊંચો મૂકી દો સમભાવે.

## દરેક કેસ ઊંચા મૂકી દેવા

**પ્રશ્નકર્તા :** મારે એક પ્રશ્ન ઊભો થયો છે. એક રિક્ષાવાળાને મેં પેપરનું પાર્સલ બીજે ગામ પહોંચાડવા આપ્યું. તેણે તે ટ્રકમાં મોકલી આપ્યું ને ઉપરથી પૂરા પૈસા માંગે છે. પાર્સલ મોડું પહોંચ્યું. મેં તપાસ કરાવી તો બધી ખબર પડી ગઈ. હવે પેલો રિક્ષાવાળો રોજ ઓફિસમાં આવી હેરાન કરે છે ને હું કહું છું કે તને એક પૈસોય નહીં મળે. ત્યાં શું કરવું?

**દાદાશ્રી :** ઊંચું મૂકી દો. હરેક કેસ ઊંચા મૂકવા. અને બાઝવું હોય, એવો તાંતો રાખવો હોય તો કોઈ શ્રીમંત જોડે રાખવો. ચપ્પા વગરનો હોય ત્યાં તાંતો રાખવો. આ ગરીબ બિચારાં, ખાવાનુંય ઠેકાણું નહીં હોય, દારૂ પીને ફરતો હોય. એની જોડે ઉકેલ લાવી નાખવો.

## આપણું ઈનામ સમજી આપી દો

અત્યારે બધું ગૂંચાઈ ગયેલું છે. એટલે આંગળી ના કરશો. આ પોટલાં ઊંચકવાવાળા વધારે પૈસા માંગે ને તો, કોઈ માણસ ઊંધો ચોંટી પડે કે આટલા તો પૈસા આપવા જ પડશે. તો આપણે એને કહીએ કે 'ભઈ, જરા તો ભગવાન માથે રાખ.' તોય કહે કે 'ભગવાન શું માથે રાખે ? બે રૂપિયા ના લઈએ ત્યારે ખાઈએ શું ?' એટલે પછી આપણે કહીએ કે 'લે ભઈ, આ બે રૂપિયા ને ઉપરથી આ દસ પૈસા.' આપણે જાણીએ કે આઠ આનાનું કામ હતું પણ આણે બે રૂપિયા લીધા. તે આપણે જાણ્યું કે આવું તો કો'ક દહાડો મળે, રોજ આવું મળે નહીં. બીજે દહાડે ખોળવા જઈએ તોય એવો મળે નહીં. મજૂરો જ કહે કે 'કાકા, બે રૂપિયા તો લેવાતા હશે ?' એટલે કોઈક વાર બે રૂપિયાવાળો મળી જાય, કોઈક વાર દોઢ રૂપિયાવાળો મળી જાય, કોઈકવાર આઠ આનાવાળોય મળી જાય. આપણને કેમ આ ભેગો થયો ? આ આપણું ઈનામ છે ! માટે એને આપી દો.

## કોઈને હલાવશો નહીં

કોઈને સહેજ હલાવશો નહીં, કારણ કે બધું સળગી ઊઠેલું છે. આમ ઉપરથી એમ લાગે કે કશું સળગ્યું નથી, ભડકો થયો નથી પણ મહીં ધુમાઈ રહેલું છે. જરાક આંગળી અડી કે ભડકો થશે. માટે આ કાળમાં કોઈ જાતની કચકચ કોઈની જોડેય ના કરવી. બહુ જોખમદારીવાળો કાળ છે ! એ બગડેને ત્યારે કહીએ, 'ભઈ, અમારે પણ ધંધો કરવાનો ને, પછી અમે શું ખાઈએ ?' એમતેમ કરીને, અટાવી-પટાવીને કામ લેવા જેવો વખત છે. એક પેલું લોખંડ એકલું જ ગરમ થયેલું હોય, તેને જ ઘણ મરાય, બાકી બીજે બધે તો મરાય નહીં. એ ગરમ થયેલા લોખંડને ના મારીએ તોય ઉપાધિ, એનો ઘાટ ના ઘડાય અને આ જીવતાંને તો જરાક હાથ અડાડ્યો કે ખલાસ ! તેમ છતાંય પ્રકૃતિ જોઈ લેવી. આપણો કાયમનો નોકર હોય એની પ્રકૃતિ જોઈ લેવી. તેમાં બહુ વાંધો નહીં. આપણે જાણીએ કે આ ડાહ્યો છે.

એ ડાહ્યા જોડે ડાહી વાત કરો તો વાંધો નહીં પણ આ બહારની પબ્લિક સાથે તો ચેતીને રહેવું. કારણ કે ક્યારે કોઈ માણસ કેવો અકળાઈ ઊઠ્યો છે, એ શું ખબર પડે ? છતાં એ તમને જ ક્યાંથી ભેગો થઈ ગયો? માટે સમજાવી-કરીને એનાથી છૂટી જવું. આ વિચિત્ર કાળ છે ! એટલે બિચારાઓને બહુ અકળાટ હોય છે. મહીં બહુ જ દુઃખ હોય છે. તે જરા છંછેડો કે ચપ્પુ મારે. કશું વધારે પડતું દુઃખ સામાને ક્યારે દે? પોતાનું દુઃખ સહન ના થાય ત્યારે જ ને !

## સામાને દુઃખ ના થાય એવી રીતે...

એવું છે ને, તમે જે આ કર્મો ગૂંથી લાવ્યા છો, એ મને પૂછયા સિવાય બધા ગૂંથી લાવ્યા છો. ગયા અવતારે કંઈ મને પૂછવા આવ્યા નથી. માર્કેટ મટીરિયલમાં જે ભેગું થયું તેને ખરીદ-ખરીદ કર્યું અને જેટલી બેન્કોએ ઓવરડ્રાફ્ટ આપ્યા, તે લે-લે કર્યા છે ! એટલે મેં કહ્યું, આ ઓવરડ્રાફ્ટ લઈને નાદાર જેવી સ્થિતિ થઈ ગયેલી છે. માટે હવે તમે શુદ્ધાત્મા થઈ જાવ. અને આ બીજું બધું છે તે નિકાલ કરી નાખવાનો. આ દુકાન ધીમે ધીમે કાઢી નાખવાની. તે ખાંડ હોય તો ખાંડેય વેચી ખાવ, ગોળ હોય તો ગોળેય વેચી ખાવ, મરીયાં હોય તો મરીયાં વેચી ખાવ અને કોઈની જોડે લઢશો નહીં. કોઈ પૈસા ના આપે તોય એની જોડે લઢશો નહીં અને કોઈ પૈસા માંગતો હોય તો તેને વહેલામાં વહેલી તકે આપી દેજો. તમારી સગવડ ના હોય તો 'બાપજી, બાપજી' કરીને એને દુઃખ ના થાય, એવી રીતે સમભાવે નિકાલ કરીને છૂટા થઈ જાવ.

## દુકાન જ નિકાલ કરવાની છે

નિકાલ એટલે નવી વસ્તુ ખરીદ કરવાની નહીં અને બીજી બધી કાઢ કાઢ કરવાની. ઉઘરાણી હોય તે ધીમે રહીને અટાવી-પટાવીને કામ કાઢી લેવાનું અને જેનું જમા હોય તે એને આપી દો. કારણ કે ઉઘરાણીવાળા તો રાતે બે વાગે આવશે. એને તો ગમે ત્યારે આવવાની છૂટ. અને તમને એ નહીં આપે તો તમારે કષાય નહીં થાય. કારણ કે તમારે ગામ જવું છે અને એને અહીં રહેવું છે. તમારે તમારા દેશમાં જવું છે. તે દેશમાં નહીં જવા દે એ, જો તમે કષાય કરશો તો. એટલે તમારે તો, હિસાબ આપણો હશે તો છોડી દઈને ચાલ્યા આગળ. અને ઉધાર રાખ્યું હોય ને ના આપે તો બને એટલો પ્રયત્ન કરવો. છેવટે અટાવી-પટાવીને કામ લેવું. 'સાહબ, બહોત તકલીફ હૈ.' જે પાંચ-દશ નીકળ્યા એ સાચા, સોમાંથી. નહીં તો રહ્યું પછી, નિકાલ કરી નાખવાનો. એટલે દુકાન નિકાલ જ કરવાની છે આ કળિયુગમાં. અને હું એ જ કહું છું ! આ અક્રમ વિજ્ઞાન એટલે શું ? સંપૂર્ણ વિજ્ઞાન, નિકાલ કરી નાખવાનો, બસ. બીજું કશું કરવાનું નહીં.

વખતે જ્ઞાની ના હોય અને 'અમારી દુકાન કાઢી નાખવાની' આવી વાત સમજી ગયો કોઈ માણસ, તોય ઉકેલ લાવી નાખે. દુકાન જ ખાલી કરવાની છે હવે. દુકાન ભરવાની હોય, નવી કરવાની હોય તો બધી ભાંજગડો થાય. દુકાન ખાલી કરવાની, એમાં કબાટ ખાલી થઈ ગયું, વેચી દીધું. ત્યારે કહે, 'એ માલ ત્રીસમાં ?' 'અરે ! ત્રીસ નહીં ને અઠ્ઠાવીસ, આપી દેને અહીંથી. આપણે જવું છે આપણા દેશમાં હવે.' ત્યારે કહે, 'પૈસા શા હારુ લો છો ?' ત્યારે કહે, 'કો'કના બાકી હોય તેને આપવા પડશે ને!' જમે-ઉધાર બધું 'લેવલ' કરવાનું. કંઈ રસ્તો કાઢીએ તો જડે.

આ જ્ઞાન લીધું એટલે આપણે તો ઉકેલ લાવી નાખવો છે હવે ! હવે આ સંસારનો કાયમી ઉકેલ લાવી નાખવાનો. આ સંસાર તો કોઈ દહાડોય સુખિયો જ ના થવા દે !

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૩ થી ૧૭ ફેબ્રુઆરી :** આ વર્ષે પરિણીત બહેનોને મોક્ષમાર્ગ તરફ પ્રગતિ કરાવતી વાર્ષિક શિબિર પૂજ્યશ્રી સાથે અડાલજ ત્રિમંદિર સંકુલમાં યોજવામાં આવી હતી. આ શિબિરમાં પૂજ્યશ્રી દ્વારા 'ગર્વરસ' વિષય ઉપર વિશેષ સત્સંગ, તેમજ 'સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય' (ઉત્તરાર્ધ) ગ્રંથ પર પારાયણનો સમાવેશ થયો હતો. દેશ-વિદેશમાં વસતા ૬૦૦૦થી વધુ બહેનોએ આ શિબિરમાં અનેરા ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ બહેનોના અલગ-અલગ નાના ગ્રુપમાં પૂજ્યશ્રીનો સેવાર્થી સ્પેશિયલ સત્સંગ ગોઠવાયો હતો. સામાયિક, ગ્રુપ એક્ટિવિટી, ગરબા, આપ્તપુત્રીઓ સાથે ગ્રુપ ડિસ્કશન વગેરેથી શિબિરમાં બહેનોએ ભરપૂર આનંદ સાથે આધ્યાત્મિક પ્રગતિના સોપાન સર કરવાની અમૂલ્ય સમજણ મેળવી હતી.

**૧૯ થી ૨૩ ફેબ્રુઆરી :** અડાલજ ત્રિમંદિર સંકુલમાં પરિણીત મહાત્મા ભાઈઓ માટે પાંચ દિવસીય શિબિર યોજાઈ. જેમાં ૩૧૦૦ મહાત્મા ભાઈઓએ ભાગ લીધો. આ વખતે શિબિરનો મુખ્ય ટોપિક હતો : ગર્વરસ. તે ઉપરાંત ગ્રીન પાસધારક માટે ઉંમર પ્રમાણે અલગ-અલગ ગ્રુપમાં પૂજ્યશ્રીનો બ્રહ્મચર્ય સંબંધી વિશેષ સત્સંગ થયો હતો. બ્રહ્મચર્ય (ઉત્તરાર્ધ) પુસ્તક પર પણ પારાયણ થયું હતું. રાત્રિ સેશનમાં રાજકોટ સેન્ટરના મહાત્માઓ દ્વારા 'ગર્વરસ' ટોપિક પર નાટક ભજવવામાં આવ્યું હતું. આ ઉપરાંત ટોપિક પ્રમાણે સ્પેશિયલ DVD, આપ્તપુત્ર સત્સંગ, GD તેમજ વ્યક્તિગત માર્ગદર્શન માટે સહાયતા કેન્દ્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગરબાની સેશન દરમ્યાન પૂજ્યશ્રીએ પધારી મહાત્માઓનો ઉત્સાહ વધાર્યો હતો. બ્રહ્મચર્ય સંબંધી સત્સંગ દરમિયાન ઘણાં મહાત્માઓએ વિષય સંબંધી દોષો ખુલ્લા કર્યા હતા તેમજ પૂજ્યશ્રી પાસે વ્યક્તિગત આલોચના પણ કરી હતી.

**૨૬ ફેબ્રુઆરી :** અડાલજ મંદિર સંકુલમાં રહેતા સિનિયર સિટીઝન મહાત્માઓ માટે પૂજ્યશ્રીની નિશ્રામાં એક દિવસીય જાત્રા આગલોડ જૈન તીર્થ તેમજ ઋષિવન એડવેન્ચર પાર્ક ખાતે યોજાઈ. જેમાં ૧૦૦૦ જેટલા મહાત્માઓ જોડાયા હતા. સૌપ્રથમ આગલોડમાં મણિભદ્રવીર દેવના તેમજ આદિનાથ ભગવાનના દર્શન કર્યા હતા. ત્યારબાદ પૂજ્યશ્રીએ દોઢ કલાક સત્સંગ કર્યો હતો. મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે સમૂહ ભોજનપ્રસાદ લીધો હતો. આપ્તસંકુલના ભાઈઓ-બહેનોએ મહાત્માઓને ભોજન પીરસ્યું હતું. આગલોડ તીર્થક્ષેત્રના વ્યવસ્થાપકો દ્વારા પૂજ્યશ્રીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. બપોરે સૌ મહાત્મા ઋષિવન એડવેન્ચર પાર્ક પહોંચી વિવિધ એક્ટિવિટીમાં ભાગ લીધો હતો. પૂજ્યશ્રીની હાજરીમાં પણ રમતો અને એક્ટિવિટીનો આનંદ સિનિયર મહાત્માઓએ માણ્યો હતો. પૂજ્યશ્રીએ ઈન્ફોર્મલ સત્સંગ પણ કર્યો હતો. સાંજે પ્રસાદ લઈ મહાત્માઓ પરત આવવા રવાના થયા હતા. જાત્રામાં વડીલ મહાત્માઓએ ખૂબ આનંદ માણ્યો હતો.

**૨૯ ફેબ્રુઆરી થી ૨ માર્ચ :** પૂજ્યશ્રીના સૌરાષ્ટ્ર સત્સંગ પ્રવાસની શરૂઆત ભાવનગર સેન્ટરથી થઈ હતી. પ્રથમ દિવસના પ્રશ્નોત્તરી સત્સંગ બાદ જ્ઞાનવિધિમાં ૯૨૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સ્થાનિક મહાત્માઓના લાભાર્થે પૂજ્યશ્રીનો ઈન્ફોર્મલ સત્સંગ તેમજ સેવાર્થી સત્સંગ યોજાયો હતો. જેનો ૪૦૦ જેટલા મહાત્માઓએ લાભ લીધો હતો. અંતિમ દિવસે આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગ ગોઠવાયો હતો. પૂજ્યશ્રી ભાવનગરથી અમરેલી જતા સૂચિત ભાવનગર ત્રિમંદિરની જગ્યા પર રોકાયા હતા અને પ્રાસંગિક આશીર્વચન પાઠવી પ્રાર્થના કરાવી હતી. ત્યારે ૩૨૫ જેટલા મહાત્માઓ હાજર હતા.

**૩ થી ૫ માર્ચ :** અમરેલીમાં બે વર્ષના સમયાંતરે પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. તે અગાઉ અમરેલી જિલ્લાના ૧૨૫ જેટલા ગામોમાં પ્રોજેક્ટર શો, આપ્તપુત્ર સત્સંગ તેમજ મહાત્માઓ દ્વારા પ્રચાર

કરવામાં આવ્યો હતો. જેના પરિણામે પ્રથમ દિવસના સત્સંગ બાદ યોજાયેલી જ્ઞાનવિધિમાં અભૂતપૂર્વ પ્રતિસાદ જોવા મળ્યો હતો અને ૪૮૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. પૂજ્યશ્રીએ અમરેલી ત્રિમંદિરના દર્શન કરી મંદિરના સેવાર્થીઓ સાથે વાતચીત કરી હતી તેમજ સ્થાનિક મહાત્માઓ સાથે ઈન્ફોર્મલ સમય દરમ્યાન સત્સંગ કર્યો હતો. ત્રિમંદિર સત્સંગ હોલમાં યોજાયેલ સેવાર્થી સત્સંગમાં ૪૦૦ સેવાર્થીઓએ પૂજ્યશ્રીના સત્સંગ-દર્શનનો લાભ લીધો હતો. જ્ઞાનવિધિ માટે મુમુક્ષુઓને લાવવા-લઈ જવાની તેમજ અન્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

**૬ થી ૮ માર્ચ :** ધોરાજીમાં ૨૦૦૨ પછી પ્રથમ વખત પૂજ્યશ્રીની નિશ્રામાં જ્ઞાનવિધિ યોજાઈ. છઠ્ઠી માર્ચે પૂજ્યશ્રીના ૫૦મા જ્ઞાનદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેનો ૧૫૦૦થી વધુ મહાત્માઓએ લહાવો માણ્યો હતો. કેક કટીંગ બાદ ધોરાજી તેમજ રાજકોટ સેન્ટરના GNCના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. ત્યારબાદ પૂજ્યશ્રીએ પ્રશ્નોત્તરી સત્સંગમાં મહાત્માઓના પ્રશ્નોના સમાધાનકારી જવાબ આપ્યા હતા. અંતમાં આપ્તપુત્રોએ પૂજ્યશ્રીને એમની જ્ઞાનદશા, જાગૃતિ અને જ્ઞાનના અનુભવ સંબંધી પ્રશ્નો પૂછ્યા હતા. જ્ઞાનવિધિ માટે અગાઉ એક મહિનાથી આજુબાજુના ૪૦ જેટલા ગામોમાં પ્રોજેક્ટર શો, આપ્તપુત્ર સત્સંગ, રિક્ષામાં ઓડિયો ક્લિપ દ્વારા પ્રચાર કરવામાં આવ્યો હતો. જ્ઞાનવિધિ માટે પ્રેરણા મળે તે હેતુ આગલા દિવસે આપ્તપુત્ર સત્સંગ યોજાયો હતો. જ્ઞાનવિધિમાં ૨૦૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ધોરાજીમાં પણ જ્ઞાનવિધિ માટે મુમુક્ષુઓને વાહન તેમજ અન્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. આઠમી તારીખે જ્ઞાન લીધેલા નવા મહાત્માઓ માટે આજ્ઞાની વધુ સમજ માટે ફોલોઅપ સત્સંગ આપ્તપુત્ર દ્વારા યોજાયો હતો.

**૮ થી ૧૦ માર્ચ :** વેરાવળમાં પાંચ વર્ષ પછી યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમના પ્રચાર માટે વેરાવળ અને આસપાસના ગામોમાં ૪૦ જેટલા પ્રોજેક્ટર શો તેમજ આપ્તપુત્ર સત્સંગ યોજાયા. GNCના બાળકોના નૃત્ય દ્વારા પૂજ્યશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે આપ્તપુત્ર સત્સંગ બાદ યોજાયેલ જ્ઞાનવિધિમાં ૪૨૬ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ફાર્મ હાઉસમાં યોજાયેલ સેવાર્થી સત્સંગનો ૩૫૦થી વધુ સ્થાનિક મહાત્માઓએ લાભ લીધો હતો. પૂજ્યશ્રીએ ચોપાટી પર મોર્નિંગ વોક કર્યું હતું તેમજ વેરાવળમાં ત્રિમંદિર સૂચિત જગ્યા પર મહાત્માઓ સાથે જઈ ત્રિમંદિર નિર્માણ જલ્દી થાય તે માટે પ્રાર્થના કરાવી હતી. નવા જ્ઞાન પામેલા મહાત્માઓ માટે આપ્તપુત્ર સત્સંગ યોજાયો હતો.

**૧૦ થી ૧૨ માર્ચ :** પોરબંદરમાં ચાર વર્ષો બાદ પૂજ્યશ્રી પધાર્યા હતા. પૂજ્યશ્રી દ્વારા ૨૦૦૩માં સૌપ્રથમ જ્ઞાનવિધિ પોરબંદર ખાતે થઈ હતી. સ્થાનિક મહાત્માઓ દ્વારા મેર જાતિના પહેરવેશમાં 'મણિયારો રાસ' લોકનૃત્ય કરીને પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીં દરિયા કિનારા નજીક ચોપાટી એરિયામાં સત્સંગ યોજાયો હતો. પ્રથમ દિવસે મુમુક્ષુઓ આત્મજ્ઞાન લેવા પ્રેરિત થાય તે માટે આપ્તપુત્ર સત્સંગ યોજાયો હતો. જ્ઞાનવિધિમાં ૭૬૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. પોરબંદર અને આજુબાજુના વીસેક ગામોમાં જ્ઞાનવિધિ માટે પ્રોજેક્ટર શો તેમજ આપ્તપુત્ર સત્સંગ દ્વારા પ્રચાર કરાયો હતો. સેવાર્થી સત્સંગમાં ૩૦૦ મહાત્માઓએ પૂજ્યશ્રીના દર્શન કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન મેર જાતિના ડ્રેસમાં બહેનોએ 'રાસ' કર્યો હતો. પૂજ્યશ્રીએ પોરબંદરના બીચ પર મોર્નિંગ વોક કર્યું હતું અને મહાત્માઓ સાથે ઈન્ફોર્મલ વાતચીત કરી હતી. પૂજ્યશ્રી પોરબંદરથી અમદાવાદ વિમાન માર્ગે પરત આવ્યા હતા.

આમ સૌરાષ્ટ્ર ટ્રીપ દરમ્યાન ૯૦૦૦ મુમુક્ષુઓ આત્મજ્ઞાન પામ્યા હતા. ઉપરોક્ત દરેક સેન્ટરમાં પૂજ્યશ્રીના ૫૦મા જ્ઞાનદિવસની ઉજવણી સેવાર્થી સત્સંગ દરમિયાન કરવામાં આવી હતી.

# સમર કેમ્પ - બાળકો-યુવાનો માટે સંસ્કારસિંચન શિબિર - વર્ષ ૨૦૨૦

| | ૧૩ થી ૧૬ વર્ષ યુવાન ભાઈઓ તથા બહેનો | | | | ગ્રુપ C - બાળકો | | ગ્રુપ D - બાળકો | |
|---|---|---|---|---|---|---|---|---|
| સ્થળ | ગ્રુપ A ભાઈઓ | સંપર્ક | ગ્રુપ B બહેનો | સંપર્ક | ૮ થી ૧૨ વર્ષ | સંપર્ક | ૪ થી ૭ વર્ષ | સંપર્ક |
| સીમંધર સીટી | ૨૫-૨૬ એપ્રિલ | 079-39830939 | ૧૮-૧૯ એપ્રિલ | 079-39830939 | ૧૬-૧૭ એપ્રિલ | 079-39830939 | ૧૯ એપ્રિલ | 079-39830939 |
| અમદાવાદ | ૨૬ એપ્રિલ<br>૧૭ મે | 9825430806<br>9978992900 | ૧૮-૧૯ એપ્રિલ | 9724945010<br>9879037078 | ૨૯ માર્ચ<br>૧૨થી૧૪ એપ્રિલ | 9429442597 | ૧૫-૧૭ એપ્રિલ | 8141377833 |
| આણંદ | | | ૧૯ એપ્રિલ | 9409402158 | | | | |
| નડિયાદ | | | | | ૨૬ એપ્રિલ | 9723462533 | | |
| બરોડા | ૧૬-૧૭ મે | 9033514749 | ૩૦, ૩૧ મે | 9624852602 | ૧૮-૧૯ એપ્રિલ | 8780660678 | ૧૨ એપ્રિલ | 9825018956 |
| ભરૂચ | | | ૨૬ એપ્રિલ | 9427105443 | ૧૯ એપ્રિલ | 8320710688 | | |
| અંકલેશ્વર | | | ૨૬ એપ્રિલ | 9054030470 | ૧૨ એપ્રિલ | 9558203868 | ૧૦ એપ્રિલ | 9427805736 |
| સુરત | ૨૫-૨૬ એપ્રિલ | 7359988465 | ૨૫-૨૬ એપ્રિલ | 9601291024 | ૧૮-૧૯ એપ્રિલ | 9574008498 | ૧૨ એપ્રિલ | 9825233559 |
| મુંબઈ | ૧થી ૩ મે | 9820215912 | ૧-૨ મે | 9987885273 | દાદર, મુલુંડ, બોરીવલી, વિલેપાર્લે, ગ્રાન્ટરોડ, ઘાટકોપર, ડોમ્બીવલી, મીરારોડ, વાશી | 9773181653 | બોરીવલી, ઘાટકોપર | 9920286817 |
| ભુજ | ૧૯ એપ્રિલ | 9726796244 | ૧૨-૧૩ એપ્રિલ | 9427171976 | ૧૬-૧૭ એપ્રિલ | 9727630180 | | |
| ગાંધીધામ | ૧૯ એપ્રિલ | 7016282664 | | | ૧૯ એપ્રિલ | 9978493568 | | |
| ધોરાજી | | | | | ૨૬ એપ્રિલ | 9574046082 | | |
| જેતપુર | ૨૬ એપ્રિલ | 9898024036 | ૧૯ એપ્રિલ | 9173674404 | | | | |
| રાજકોટ | ૧૬-૧૭ મે | 9825317607 | ૧૪-૧૫ મે | 7990967612 | ૧૪-૧૫ એપ્રિલ | 8849265224 | ૧૬ એપ્રિલ | 9426460938 |
| મોરબી | | | ૧૭ મે | 9638490023 | ૧૨ એપ્રિલ | 9924344882 | ૧૪ એપ્રિલ | 9725199144 |
| સુરેન્દ્રનગર | ૧૭ મે | 9998177813 | ૧૯ એપ્રિલ | 9726108434 | ૨૬ એપ્રિલ | 9512672433 | | |
| જામનગર | ૧૯ એપ્રિલ | 9428315109 | ૩૦, ૩૧ મે | 9723147318 | ૧૨-૧૩ એપ્રિલ | 9723147318 | ૨૬ એપ્રિલ | 9723147318 |
| વેરાવળ | ૨૬ એપ્રિલ | 9374178951 | ૧૯ એપ્રિલ | 9638904820 | ૧૮ એપ્રિલ | 8469780151 | | |
| ભાવનગર | ૧૯ એપ્રિલ | 9687978381 | ૧૭ મે | 9924344425 | ૨૬ એપ્રિલ | 9924344425 | | |
| મહેસાણા | ૨૬ એપ્રિલ | 9925678854 | ૧૬ મે | 9824929782 | ૩ મે | 9408551501 | | |
| પાલનપુર | ૨૬ એપ્રિલ | 9429290795 | | | | | | |
| રાજુલા | ૧૮-૧૯ એપ્રિલ | 9824164941 | | | | | | |
| અમરેલી | ૨૬ એપ્રિલ | 7698025206 | | | ૧૯ એપ્રિલ | 7698477410 | | |
| | ગ્રુપ E - યુવાન બહેનો ૧૭ થી ૨૧વર્ષ | | | | ગ્રુપ F - યુવાન ભાઈઓ ૧૭ થી ૨૧ વર્ષ | | | |
| **સીમંધર સીટી** | ૩-૪-૫ મે | 079-39830939 | | | ૧-૨-૩ મે | 079-39830939 | | |

**નોંધ** : (૧) સમર કેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે. ૨) રજિસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૭ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યાર બાદ રજિસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે. ૩) સીમંધર સીટી સમર કેમ્પ માટે રજિસ્ટ્રેશન ત્રિમંદિર સંકુલના **'સ્ટોર ઓફ હેપીનેસ'**માં સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમર કેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે. સંપર્ક સૂત્ર : ૦૭૯-૩૯૮૩૦૯૩૯

**વિશેષ નોંધ :** હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારી નિર્દેશ પ્રમાણે ઉપરોક્ત કાર્યક્રમો કરવાની મંજૂરી હશે તો જ કાર્યક્રમોનું આયોજન થશે. આ કાર્યક્રમો રદ થશે તો સંસ્થા દ્વારા એની જાણ કરવામાં આવશે.

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજમાં PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર

| | | |
|---|---|---|
| **૬ મે** (બુધ) | સવારે ૧૦-૩૦ થી ૧૨ | **પારાયણ - પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર** |
| **૬ મે** (બુધ) | સાંજે ૫-૩૦ થી ૭ | **પૂજ્યશ્રી સત્સંગ - મતભેદ મિટાવો ઘરમાં** |
| **૭ મે** (ગુરુ) | સાંજે ૫-૩૦ થી ૭ | **પારાયણ - મા-બાપ છોકરાનો વ્યવહાર** |
| **૮ મે** (શુક્ર) | સવારે ૧૦-૩૦ થી ૧૨ | **પૂજ્યશ્રી સત્સંગ - બાળક પ્રત્યેના ફરજની બાઉન્ડ્રી** |
| **૮ મે** (શુક્ર) | સાંજે ૫ થી ૬-૩૦ | **પૂજ્યશ્રી સત્સંગ - બાળક પ્રત્યેના ફરજની બાઉન્ડ્રી** |
| **૯ મે** (શનિ) | સવારે ૧૦ થી ૧૨-૩૦ | **પારાયણ - પૈસાનો વ્યવહાર** |
| **૯ મે** (શનિ) | રાત્રે ૯ વાગ્યાથી | **પૂજ્યશ્રીના જન્મદિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ** |
| **૧૦ મે** (રવિ) | સવારે ૧૦-૩૦ થી ૧૨ | **પૂજ્યશ્રી સત્સંગ - લક્ષ્મીના અંતરાયના કારણો-પરિણામો** |
| **૧૦ મે** (રવિ) | સાંજે ૫-૩૦ થી ૭ | **પૂજ્યશ્રી સત્સંગ - લક્ષ્મીના અંતરાયના કારણો-પરિણામો** |

**નોંધ :** આ શિબિર જ્ઞાન લીધેલ પરિણીત મહાત્માઓ માટે રહેશે. શિબિરમાં ભાગ લેવા **'AKonnect'** દ્વારા અથવા પોતાના સેન્ટરમાં અને જ્યાં નજીકમાં સત્સંગ સેન્ટર નથી એમણે અડાલજ ત્રિમંદિરના ફોન નં. ૯૯૨૪૩૪૮૮૮૦ ઉપર (સવારે ૯ થી સાંજે ૭) રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

### સુરત

**૨૯-૩૦ મે** (શુક્ર-શનિ) - રાત્રે ૮ થી ૧૧ - **સત્સંગ** અને **૩૧ મે** (રવિ) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** ગજેરા ક્રિકેટ ગ્રાઉન્ડ, લક્ષ્મી રેસિડન્સની પાછળ, ગજેરા સ્કૂલની બાજુમાં, કતારગામ. **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૦૦૭

**વિશેષ નોંધ : વર્તમાન પરિસ્થિતિમાં કોરોના વાયરસ સંક્રમણને કારણે સરકારી નિર્દેશ પ્રમાણે કાર્યક્રમો રદ કરવા પડ્યા છે. ભવિષ્યમાં જે તે સમયે ઉપરોક્ત કાર્યક્રમો કરવાની મંજૂરી હશે તો જ કાર્યક્રમો આયોજાશે. અગર આ કાર્યક્રમો રદ થશે તો સંસ્થા દ્વારા વિવિધ માધ્યમોથી એની જાણ કરવામાં આવશે.**

---

### પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦; બપોરે ૨ થી ૨-૩૦; રાત્રે ૧૦ થી ૧૦-૩૦
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ સવારે ૩-૩૦ થી ૪-૩૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि सुबह 8-30 से 9, रवि सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर हर रोज रात 10 से 11 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज़ सुबह 7 से 8 (हिन्दी में)
- **'उड़ीसा प्लस' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में)
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-चंदना** पर सोम से शुक्र सुबह 7 से 7-30 (कन्नड़ में)

**USA -Canada**
- **'TV Asia' -** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'Rishtey-USA'** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा 8-30 से 9 EST (हिन्दी में)

**UK**
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT
- **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 Western European Time (6 to 6-30am GMT)

**Australia**
- **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

**Fiji-NZ-Sing.-SA-UAE** ➢ **Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में) UAE

**USA-UK-Africa-Aus.** ➢ **'આસ્થા'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭, (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮;
**ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:**(૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947


૬ થી ૮
માર્ચ
ધોરાજી
સત્સંગ-જ્ઞાનવિધિ


૮ થી ૧૦
માર્ચ
વેરાવળ
સત્સંગ-જ્ઞાનવિધિ


પોરબંદર
સત્સંગ-જ્ઞાનવિધિ
૧૦ થી ૧૨
માર્ચ


અડાલજ
પૂજ્યશ્રીના ૫૦મા જ્ઞાનદિવસની ઉજવણી
૧૩
માર્ચ



એપ્રિલ ૨૦૨૦
વર્ષ-૨૫, અંક-૮
સળંગ અંક-૨૯૬

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## લક્ષ્મી સંબંધી નોર્માલિટી સારી

આપણા લોકોને લક્ષ્મીને સાચવતાંય નથી આવડતું અને ભોગવતાંય નથી આવડતું. ભોગવતી વખતે કહેશે કે 'આટલું બધું મોંઘું ? આટલું મોંઘું લેવાય ?' અલ્યા, છાનોમાનો ભોગવ ને ! પણ ભોગવતી વખતેય દુઃખ! લોકો હેરાન કરતા હોય તેમાં કમાવાનું. કેટલાક તો ઉઘરાણીના પૈસા આપે નહીં. એટલે કમાતાંય દુઃખ અને સાચવતાંય દુઃખ. સાચવ સાચવ કરીએ તોય બેન્કમાં રહે જ નહીં ને ! બેન્કના ખાતાનું નામ જ ક્રેડિટ અને ડેબિટ, પૂરણ ને ગલન ! લક્ષ્મી જાય ત્યારેય બહુ દુઃખ આપે. આ તો પૈસાનો ભરાવો થાય તોય દુઃખ ને ભીડ થાય તોય દુઃખ. આ તો નોર્મલ હોય એ જ સારું, નહીં તો પાછું લક્ષ્મી વાપરતાંય દુઃખ થાય.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેકટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.